

Rs.5/-
Shree Swaminarayan (Gujarati Monthaly)

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૯૭ ● ડિસેમ્બર ૨૦૨૩
Volume no. 17, Issue No. 197 December 2023

## પ.પૂ.આચાર્ય મહારાજશ્રીનો ૫૧મો પ્રાકટ્યોત્સવ

પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧
Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001





અમદાવાદ મંદિરમાં નવતર પ્રયોગ રૂપે ધાન્યનો અન્નકૂટ કરવામાં આવ્યો અને તે પ્રસાદીનું ધાન્ય જરૂરિયાતમંદોને અપાયું હતું.




અમદાવાદ મંદિરમાં સમૂહ ચોપડા પૂજન કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી




અમદાવાદ મંદિરમાં
કાળી ચૌદશે
શ્રી હનુમાનજીનું પૂજન કરતા
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી
તથા
પ.પૂ.લાલજી મહારાજશ્રી



મેમનગર મૂર્તિપ્રતિષ્ઠા
પ્રસંગે પધારેલ
ગુજરાતના મુખ્યમંત્રી
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું
સન્માન કરતા
પ.પૂ.મોટા મહારાજશ્રી





સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭

www.swaminarayanmuseum.in

---

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)

Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in

---

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર





વર્ષ - ૧૭ (મૂળ વર્ષ ૫૬) ● અંક : ૧૯૭ ● ડિસેમ્બર-૨૦૨૩


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | દેવ | ૦૬ |
| ૦૪. | પૂનમ સત્સંગ સભા - આશીર્વચન | ૦૭ |
| ૦૫. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૦ |
| ૦૬. | ભક્તિસુધા | ૧૧ |
| ૦૭. | સત્સંગ સમાચાર | ૧૯ |

# અસ્મદીયમ્

વ્હાલા હરિભક્તો, આ દિવાળી આવી અને ગઈ. નવું વર્ષ પણ શરૂ થઈ ગયું. સૌ એક બીજાને નવા વર્ષની શુભેચ્છાઓ, સર્વ રીતે સુખ, સમૃદ્ધિ અને સંપત્તિ મળે તેવી ભાવનાઓ વ્યક્ત કરીએ છીએ. પણ.... મારા ભઈ ! આપણને સર્વને ( सर्वान्निजाश्रितान् ) તો સ્વયં ભગવાન સહજાનંદ સ્વામીએ સ્વહસ્તે શિક્ષાપત્રી લખીને આપી છે. જેમાં આલોક અને પરલોકમાં મહાસુખિયા થવાનું વચન આપ્યું છે.

''અને જે અમારા આશ્રિત પુરુષ ને સ્ત્રીઓ, તે જે તે, આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તો તે **ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થની સિદ્ધિને** ( चतुर्वर्गसिध्धिं ) **નિશ્ચય પામશે.**''

મહારાજ કહે છે કે આ શિક્ષાપત્રી સર્વે મનુષ્યમાત્રને મનવાંછિત ફળની દેનારી છે પછી વિશેષ બીજું શું જોઈએ ?

આપણને સુખ, સંપત્તિ, સમૃદ્ધિ બધું જોઈએ છે, બીજાને પણ ભગવાન આપે એવી 'વોટ્સએપ' કરીને પ્રાર્થના કરીએ છીએ, પણ શ્રીજી મહારાજે આજથી ૧૯૮ વર્ષ પહેલા લેખિતમાં સુખી થવાનો, મોક્ષ સુધીનો માર્ગ ચીંધ્યો છે. બસ! એ માર્ગે આપણે ચાલવાનું છે.

''એ હેતુ માટે અમારા આશ્રિત જે સર્વે ( ममाश्रितैः ) સત્સંગી તેમણે **સાવધાનપણે** કરીને **નિત્ય પ્રત્યે** આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું, પણ પોતાના મનને જાણે તો ક્યારેય ન વર્તવું.''

મહારાજે બાથમાં લઈ પધરાવેલ શ્રી નરનારાયણદેવ, પૂ. મોટા મહારાજશ્રી, પૂ. આચાર્ય મહારાજશ્રી, પૂ. લાલજી મહારાજશ્રી એમ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ આપણી સાથે હોય અને બસ, આપણે શિક્ષાપત્રી પ્રમાણે વર્તન કરીએ પછી શું ખામી રહે ! ચારેય પુરુષાર્થ, મોક્ષ સુધી આપણને કાંઈ વાંધો નહી આવે તેની ગેરંટી સ્વયં ભગવાને આપી છે.

નૂતન વર્ષના શ્રી સ્વામિનારાયણ માસિકના સૌ વાચકો અને હરિભક્તોને અમારા હેતપૂર્વક જયશ્રી સ્વામિનારાયણ !

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના**
**જયશ્રી સ્વામિનારાયણ**



**શ્રી સ્વામિનારાયણ**

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(ઓક્ટોબર-૨૦૨૩)**

૨૦ અ.નિ. સ.ગુ. શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજીની ગુણાનુવાદ સભા પ્રસંગે પધરામણી - કાલુપુર મંદિર.

૨૨ પ.ભ. અશોકકુમાર ઉમેદરામ પટેલ (ઈટાદરાવાળા)ને ત્યાં પધરામણી - કોબા.

૨૪ ૫૧ મો પ્રાકટ્યોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં સંત-હરિભક્તો દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં ઉજવાયો.

૨૮ કાલુપુર મંદિર આસો સુદ-૧૫ પૂનમની સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

**(નવેમ્બર-૨૦૨૩)**

૧ શ્રી સ્વામિનારાયણ મંદિર, બાલાસિનોર નૂતન સિંહાસન તથા પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર કાળી ચૌદશના શ્રી હનુમાનજી મહારાજનું પૂજન-આરતી પ્રસંગે પધાર્યા.

૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર સમૂહ શારદા-ચોપડા પૂજન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું.



૧૩ દિવાળીના શ્રી નરનારાયણાદિ દેવોની અન્નકૂટ આરતી પ્રસંગે પધરામણી.

૧૪ નૂતન વર્ષ પ્રસંગે પોતાની બેઠકમાં સંત-હરિભક્તોને દર્શન-આશીર્વાદ.

૧૬ માણસા કથા પારાયણ પ્રસંગે પધરામણી.

૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર ધૂળકોટ (હાલાર-મૂળી પ્રદેશ) દશાબ્દી મહોત્સવ પ્રસંગે પધરામણી.

૧૯-૨૦ કંથકોટ (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૪ બિલોદરા ગામે દશાબ્દી પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી.

૨૫ શ્રી સ્વામિનારાયણ મંદિર ભક્તિનગર-મેમનગર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૬ કુડાસણ ગાંધીનગર નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરના ભૂમિ પૂજન પ્રસંગે પધરામણી.

૨૭ કાલુપુર મંદિર કારતક માસની પૂનમની સભા પ્રસંગે પધરામણી.

૨૯ શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

# પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(ઓક્ટોબર-૨૦૨૩)**

૨૦ અ.નિ. સ.ગુ. શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજીની ગુણાનુવાદ સભા પ્રસંગે પધરામણી - કાલુપુર મંદિર.

૨૪ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૫૧ મો પ્રાકટ્યોત્સવ પોતાની શુભ નિશ્રામાં ધામધૂમથી સંપન્ન થયો.



૨૮ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર શરદ પૂનમની સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

**(નવેમ્બર-૨૦૨૩)**

૫ કલોલ (પંચવટી) શ્રી સ્વામિનારાયણ મંદિર સત્સંગ યુવા શિબિર પોતાની અધ્યક્ષતામાં સંપન્ન થઈ.

૯ કોટેશ્વર ગુરુકુળ જરૂરિયાતમંદ લોકોને પ્રસાદ વિતરણ

૧૧ શ્રી વીર હનુમાનજી મહારાજ શ્રી સ્વામિનારાયણ બાગ અસારવા કાળીચૌદશના મારુતિયજ્ઞ પ્રસંગે તથા અમદાવાદ કાલુપુર મંદિર શ્રી હનુમાનજી મહારાજની આરતી પ્રસંગે પધરામણી

૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર દિવાળીના શ્રી નરનારાયણાદિ દેવોની અન્નકૂટ આરતી પ્રસંગે પધરામણી.

૧૪ નૂતન વર્ષના શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પોતાની બેઠકમાં સંત-હરિભક્તોને દર્શન આશીર્વાદ.

૧૯ માણસા ગામે કથા પારાયણ પ્રસંગે પધરામણી.

૨૭ કાલુપુર મંદિરમાં કારતક માસની પૂનમની સભા પ્રસંગે પધરામણી.

૨૩ મેમનગર-ભક્તિનગર શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે આયોજીત પારાયણ પ્રસંગે પધરામણી.

૨૫ શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ કથા પ્રસંગે પધરામણી.

# દેવ

- સાધુ પુરૂષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે નવ મંદિરોના નિર્માણ કરાવી તેમાં સ્વયં ભગવાને પોતાનાજ સ્વરુપ એવા શ્રી નરનારાયણદેવ, લક્ષ્મીનારાયણદેવ આદિ અર્ચા સ્વરૂપની પ્રતિષ્ઠા કરી. તેમાં અમદાવાદમાં સર્વ પ્રથમ મંદિર કરીને બાથમાં લઈને શ્રી નરનારાયણદેવ, ભૂજમાં પણ શ્રી નરનારાયણદેવ, મૂળીમાં શ્રી રાધાકૃષ્ણદેવ, વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણદેવ, જેતલપુરમાં શ્રી રેવતી બળદેવજી, ધોલેરામાં શ્રી મદનમોહનદેવ, ધોળકામાં શ્રી મોરલી મનોહરદેવ, જુનાગઢમાં શ્રી રાધારમણદેવ અને ગઢડામાં શ્રી ગોપીનાથજીદેવ.

ભગવાનના બધા જ નામોની પાછળ ''દેવ'' શબ્દ લાગે છે. પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ આદિ, અનાદિ પરમાત્મા ભગવાનને ''દેવ'' શબ્દથી કહેવાથી કેટલાક લોકો શ્રી નરનારાયણદેવ, લક્ષ્મીનારાયણદેવને સ્વર્ગની જે ''દેવ'' કોટીની સાથે સરખાવે છે. અને કહે છે કે આ તો ''દેવો''ના સ્વરુપ મહારાજે પધરાવ્યા છે. એવા બહાના હેઠળ સંપ્રદાયમાંથી છુટા પડેલા જે વાડાઓ છે તેઓને તો મોટું બહાનું મળી ગયું કે, અમારી ઉપાસના સાચી છે મહારાજે કરેલા મંદિરોમાં તો દેવ પ્રતિષ્ઠિત કર્યા છે. અમારે દેવનું ભજન કરવું નથી એટલે અમે અલગ મંદિરો કર્યા. આવા મનઘડત અર્થ ઘટન કરીને સર્વોપરી સ્વામિનારાયણ ભગવાને ઉપાસનાની પૂર્તિ કરેલા મંદિરોનું ખંડન કરતા રહ્યા છે. આવું ઘણા સમયથી ચાલ્યા કરે છે.

સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે પ્રતિષ્ઠિત કરેલ વિવિધ અર્ચા વિગ્રહ સ્વરુપ દેવ શબ્દ લગાવવામાં આવશે. અંતમાં દેવ શબ્દ કહેવામાં આવ્યો. તે સંપ્રદાયની સ્થાપના પૂર્વથી આ પરંપરા ચાલી આવી છે. શ્રીમદ્ ભાગવતમાં આ પરંપરાનું વર્ણન છે. જેમાં ભગવાન શ્રી કૃષ્ણના પૌત્ર એટલે કે શ્રીકૃષ્ણ ભગવાનના પુત્ર પ્રદ્યુમ્નજી, તેમના પુત્ર અનિરૂધ્ધજી તેમના પુત્ર વ્રજનાભ રાજાએ ''દેવ''ના અંતમાં નામ લખવાની પરંપરા પ્રવર્તાવેલી છે.

ભગવાન શ્રી કૃષ્ણ સ્વધામ પધાર્યા પછી નંદ આદિ ગોપોના પુરોહિત શ્રી શાંડિલ્ય ઋષિએ વ્રજનાભ રાજા પ્રત્યે ભગવાન શ્રી કૃષ્ણની બાળ લીલાનું મહિમાગાન ખૂબજ ભાવપૂર્વક કર્યું તે પછી વ્રજનાભ રાજાએ ભગવાન શ્રી કૃષ્ણની વિવિધ લીલા ચરિત્રોના અનુસાર તે તે પ્રસાદીના સ્થાનોમાં મંદિરો બનાવી લીલા વિગ્રહ સ્વરુપોની પ્રતિષ્ઠા કરી અને તેમાં ભગવાન શ્રી કૃષ્ણના અર્ચા વિગ્રહ સ્વરૂપોના જે નામ કરણ કર્યા તે ''શ્રી ગોવિંદદેવ'', ગોપીનાથજીદેવ, મદન મોહનદેવ, શ્રી હરિદેવ, શ્રી રાધારમણદેવ, શ્રી મોરલી મનોહરદેવ વિગેરે વિગેરે ''દેવ'' સંજ્ઞાવાચક કહીને નામ કરણ કર્યા... તે તે વિગ્રહ સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા શ્રી કૃષ્ણના સ્વરૂપ છે. એમાં કોઈ સ્વર્ગીય દેવોના અનુંસધાન નથી. પ્રેમલક્ષણા ભક્તિ માર્ગમાં પુષ્ટિ પરંપરામાં પોતાના ઈષ્ટદેવને અતિ સ્નેહવશ સાધક સંબોધનમાં લાડ લડાવવામાં સંબોધનમાં ક્યાંય શબ્દ ભેદ દેખાય તેનો કોઈ દોષ નથી. એવા ભક્તનો તો ભગવાન શબ્દો નહિ હૃદયનો પવિત્ર ભાવ જ જોતા હોય છે. આ પ્રસંગની પુષ્ટિ ભગવાન વેદવ્યાસજીએ સ્કંદ પુરાણમાં વૈષ્ણવ ખંડમાં કહી છે. રાજા વ્રજનાથજીએ માત્રને માત્ર શ્રીકૃષ્ણની ભક્તિનો જ પ્રયાસ કર્યો છે. વળી કૂંડ, કૂવા, તળાવ, બગીચા, સ્મારકો કરાવ્યા. તેમજ ગોકુળ-વૃંદાવન બરસાના વિગેરે ગામોનો જીર્ણોધ્ધાર કરાવ્યો. વ્રજવાસીઓના ઘરો બનાવીને વ્રજભૂમિની બાળકૃષ્ણની બધીજ સ્મૃતિઓને જીવંત રાખી છે.

આપણા સંપ્રદાયનો વિશિષ્ટાદ્વૈત સિધ્ધાન્ત, ગુરુ મંત્રદીક્ષા અને મંદિરો ભાગવત્ ધર્મના આધારે સદ્‌ગુરુ રામાનંદ સ્વામી તથા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને આપણને આપ્યો છે. જે પરંપરા છે તે જાણવી ખૂબજ મહત્વની છે. આજના સમયમાં પોતાને સૌથી મોટા જ્ઞાની માનીને બેઠેલા લોકો ઈષ્ટદેવે પ્રવર્તાવેલી પરંપરામાં જાતજાતની શંકાઓ જાતજાતના મનસ્વી અર્થઘટન કરીને સંપ્રદાયના ભોળા લોકોને સર્વોપરી શ્રીહરિએ કહેલી પરંપરામાં શંકાઓ ઉભી કરતા આવ્યા છે. શ્રીજી મહારાજે સ્વહસ્તે જે નવ મંદિરો કર્યા તે ભગવત્ સ્વરુપ, પરબ્રહ્મ સ્વરુપ, પરમાત્મા જેની અનંતકોટી બ્રહ્માંડમાં ઉપાસના

(અનુ. પેજ નં. ૧૦ ઉપર)

શ્રી સ્વામિનારાયણ

# પૂનમ સત્સંગ સભા

# આશીર્વચન





સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)

**પ.પૂ. લાલજી મહારાજશ્રી તા. ૩૧-૦૮-૨૦૨૩ :** હું માનું છું ત્યાં સુધી, મારા વ્યક્તિગત અનુભવથી જો કહું તો **જગતમાં બે સ્થાન એવા છે કે જ્યાં માત્ર પગ મૂકવાથી મનની અંદર, હૃદયની અંદર કોઈપણ પ્રકારના દુ:ખ હોય એ બધા જ પ્રકારના દુ:ખ જતા રહે છે. બધા જ પ્રકારની ચિંતા જતી રહે છે. એવું એક સ્થાન છે માત્ર અને માત્ર નરનારાયણદેવનું પ્રાંગણ અને બીજું છપૈયામાં સ્વામિનારાયણ ભગવાનનું જન્મસ્થાન. આ બે સ્થાન માત્ર એવા છે કે જ્યાં ખાલી અંદર આવવાથી, પગ મૂકવાથી બધા જ દુ:ખ જતા રહે છે, શાંતિનો અનુભવ થાય છે.**

નરનારાયણદેવનો મહિમા આપણે બધા કથા વાર્તાના માધ્યમથી સાંભળીએ છીએ, શાસ્ત્રોમાં વાંચીએ છીએ પણ જ્યાં સુધી એ મહિમા હૃદયમાં ન ઉતરે ત્યાં સુધી એનો યથાર્થ અનુભવ ન થાય. **અહીં બેઠેલા દરેક હરિભક્ત એના સાક્ષી છે કે દરેક હરિભક્તના હૃદયમાં ક્યારેક ને ક્યારેક તો નરનારાયણદેવના સાક્ષાત્‌પણાનો અનુભવ થયો જ હશે. કારણ કે એ માત્ર મૂર્તિ નથી સ્વામિનારાયણ ભગવાનનું સ્વરૂપ છે અને હાજરા હજૂર આપણી સાથે રહ્યા છે. તો આપણે કરવાનું એટલું જ છે કે આપણે એમના થઈને રહીએ, ભજન ભક્તિ કરીએ અને નરનારાયણદેવ રાજી થાય એમ વર્તીએ.**

૩-૪ મહિનાથી આપણે આ પૂનમની સભા શરૂ કરી છે. અમારા આ સંકલ્પને સંતોએ ખૂબ મહેનત અને લગનથી બિરદાવ્યો છે. મહારાજશ્રીનો સંકલ્પ હોય કે અમારો સંકલ્પ હોય તેને સાકાર રૂપ આપી તેની પરિપૂર્તિ માટે સંતો કાયમ માટે અમારી સાથે ખડે પગે રહ્યા છે. હરિભક્તોનો સાથ સહકાર રહ્યો છે. આજે ચાલુ દિવસ હોવા છતાં સભાને Success બનાવવા માટે જ્યારે આટલી મોટી સંખ્યામાં સૌ ઉપસ્થિત રહ્યા છો, ગામડાથી પણ હરિભક્તો આવ્યા છે ત્યારે સૌના આભાર સાથે એ જ વિનંતી છે કે વધુ ને વધુ લોકો પૂનમના દિવસે દર્શન માટે, સભા માટે અને નરનારાયણદેવના પ્રસાદ માટે જરૂરથી જરૂર દર પૂનમે આવે એવો આગ્રહ રાખજો. આજે દર્શને આવેલા તમામ હરિભક્તોના શુભ મનોરથ પૂરા કરે, સુખ શાંતિ અને સમૃદ્ધિ આપે એવી આજના દિવસે નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

**પ.પૂ. મહારાજશ્રી તા. ૨૯-૦૯-૨૦૨૩ :** આશીર્વાદ દેવ પાસેથી આવે છે, અમે આપતા નથી. પૂનમના નરનારાયણદેવનું દર્શન કરવા અવશ્યપણે વણતેડાવ્યે આવવું, આ મહારાજનું વચન છે. ગામ સમસ્ત આવે તો બધા લાભ લઈ શકે. સ્વામીને મેં કહી દીધું છે, અયોધ્યાપ્રસાદજી દાદાનો હોલ છે ત્યાં ગાદલા ગોદડા તથા પંખાની વ્યવસ્થા થઈ જશે. પાણી તથા ન્હાવા ધોવાની સગવડતા પણ થઈ જશે. તમે દર્શને આવો જ છો. સવારથી સાંજ સુધી કેટલા ભક્તો ભગવાનનું દર્શન કરવા આવે છે. આ આપણી મૂડી અને ધરોહર છે અને એ ધરોહરને સાચવી રાખવી એ આપણી જવાબદારી છે.

સ્વામીએ થોડી કરૂણતા ભરી કથા કરી પણ કોઈકે કાંટા કાંકરા સહ્યા છે, દુ:ખ સહન કર્યું છે ત્યારે આજે આપણે સૌ સુખી છીએ અને હસતા રહીએ છીએ. આ વાસ્તવિકતા છે. હું એ ઈતિહાસને વાગોળતો નથી. ઈતિહાસને વાગોળવો નહીં એમ ભૂલી પણ ન જવો. ઘણીવાર વડીલો ભૂતકાળને બહુ વાગોળ વાગોળ કરે એટલે છોકરા ઉઠીને જતા રહે.

મહારાજે એક વાક્ય લખ્યું છે કે, ભલા થઈને મારો દાખડો સફળ કરજો. આ ભલા થઈને એટલે ભાર આપતો વજનદાર શબ્દ છે. બહુ વખત મેં કીધું છે. ભલા થઈને એટલે શું ? નવી પેઢીને કદાચ ખબર નહી પડે. બહુ બહુ ભલા ભોળા થઈને એવું ? ના, ભલા થઈને એટલે ગામઠી ભાષામાં કહીએ તો હખણા રહીને, આપણે ઘણીવાર કહીએ છીએ ને કે દયા કરો ને હવે ! ઘણા ઉઘરાણી કરે ત્યારે નથી કહેતા કે, દયા કરો બાપા, દયા કરો હવે ! ક્યારના બાકી છે ! આવું બોલે ત્યારે અંદરથી શું ય નીકળતું હોય ! પણ મહારાજનો આશય એવો નથી. **મહારાજનો આશય એટલો છે કે**

**આ અમે જે દાખડો કર્યો છે એ તમારા અર્થે, તમારા પરિવાર અર્થે અને તમારી પેઢીઓના અર્થે કર્યો છે. માટે આ દેવનો આશરો, આ ભગવાન, આ સત્સંગ અને સંસ્કાર ભૂલાઈ ન જાય એ તકેદારી અને ખટકો રાખવાની વાત મહારાજે કરી છે. આપણને પરંપરા બહુ મોટી મળી છે, જેથી દેવના આ પ્રાંગણમાં આ ભૂમિ પર બેસીને કથા વાર્તા, ધૂન કીર્તનનો લાભ આપણને મળે છે.**

એક સૈનિક હોય એ જમીનને અડીને માટી માથે ચડાવે છે. આ દેશમાં વૃક્ષ પૂજાય છે. ગાયનો સ્પર્શ કરીને આમ માથે ચડાવે છે. ગાયનું પૂછડું લઈને માથે અડાડે છે. આ પરંપરા છે. આ સિધ્ધાંત છે. પૂજનીય કોણ છે ? જેના થકી આપણે ઉત્પન્ન થયા છીએ અને જેના થકી આપણે મોટા થયા છીએ. વૃક્ષ, લતા, વેલી આપણને ઓક્સિજન આપે છે. ભૂમિમાંથી બધું ઉત્પન્ન થાય છે. માટી આદિ પંચભૂતથી આપણો દેહ બને છે. માતાનું ધાવણ ધાવ્યા પછી ગાયનું દૂધ પીધું છે. **ગાયનો એક અનોખો મહિમા એ છે કે ગાયને તમે ગમે તેવું ખવડાવો અને ગાય ગમે તે કચરા જેવું ખાય લે, રસ્તામાં ચાલતી ગાય ઉકરડામાંથી ગંધાતું ગમે તે ખાય લે, તો પણ વૈજ્ઞાનિક રીતે દૂધનું પરીક્ષણ થયા પછી સાબિત થયું છે કે ગાયના દૂધમાં કોઈ દિવસ toxin (જીવાતમાંથી પેદા થતું ઝેર) નથી આવતું, આ હકીકત છે.**

આપણી એક સનાતન પરંપરા છે કે જનાથી આપણે મોટા થયા હોઈએ તેના પ્રત્યે કૃતઘ્ની ન થવું. ગુણબુદ્ધિ રાખવી. **આપણે કોનાથી મોટા થયા છીએ. આ નરનારાયણદેવની આ ભૂમિ ઉપર આપણો પગ પડે એ આપણા મોટા ભાગ્ય છે. કારણ કે આ ભૂમિ માણકી ઘોડી દ્વારા મહારાજે પોતે પસંદ કરી છે. આ એજ ઓટલો છે જેના ઉપર મહારાજ બેઠા છે. આ એ જ દેવ છે જેની મહારાજે પહેલામાં પહેલી પ્રતિષ્ઠા કરી છે અને પ્રતિષ્ઠા કર્યા પછી એ દેવ એક મિલી મીટર પણ ખસ્યા નથી. આ દેવ થકી આપણે રૂડા છીએ. માટે દેવના થઈને રહેવું એ આપણો સૈદ્ધાંતિક ધર્મ છે અને એ ધર્મ આપણે કાયમ નિભાવવાનો છે.** નહિ તો મન, બુદ્ધિ એવા છે કે ગમે ત્યાં જાય.

નંદ સંતોએ ગાયુ ને કે શીદને ભટકો છો મત પંથમાં રે લોલ. અહીં મત એટલે પોતાના મનથી ઘડિત (મન ઘડંત) જે પણ વિચાર આવે એ. પંથ એટલે સંસ્કૃતમાંથી આવેલો શબ્દ જે રસ્તાનો સૂચક છે. ગામડામાં બળદ ગાડાને ચાલવાના રસ્તામાં વારંવાર ગાડાના પૈડા ફરવાથી બે કેડીઓ પડી ગઈ હોય. જૂના સમયમાં ગામડામાં ગાડાને લાકડાના મોટા પૈડા આવતા, બહારની બાજુ લોખંડની પટ્ટીથી જડેલા હોય, અમે જોયેલા છે અને તેમાં બેઠા પણ છીએ. હવે આ ગાડું રસ્તો મુકીને કેડીની બહાર વાંકુંચૂંકું ચલાવવા જાય તો પૈડા ભાંગી જાય. આ વાસ્તવિકતા છે.

જૂની જે કહેવતો હોય છે એ લોકોના હજારો વર્ષના અનુભવ પછી સમાજમાં પ્રચલિત થતી હોય છે. હું આવ્યો ત્યારે સ્વામી શિક્ષાપત્રીના કેટલાક શ્લોકો બોલતા હતા.

सच्छास्त्राणां समुद्धृत्य सर्वेषां सारमात्मना ।

पत्रीयं लिखिता नृणामभीष्ट फलदायिनी ॥

જગતમાં જેટલા શાસ્ત્રો છે તેનું સમુદ્રમાંથી મંથન કરીને જે અમૃતના બુંદ નીકળ્યા તે અમૃતના બુંદ રાખીને મહારાજે આપણને ૨૧૨ શ્લોકની આ શિક્ષાપત્રી આપી છે. જેનું પાલન કરવાથી બહુ મોટા ફળને આપનારી છે. હવે વિચાર કરો કે આનાથી બીજુ મોટું ફળ ક્યું હોય ? તોય મળશે ! ક્યાં સાચવશો ? એ માટે પાત્રતા જોઈએ અને એવી પાત્રતા આપણને મળે કે આપણે તેને સાચવી શકીએ. **પાત્રતા બહુ મોટી વસ્તુ છે. પાત્રતા જાય એટલે પૈસા, પદ, પ્રતિભા વગેરે બધું જતું રહે. માણસ ભટકી જાય. પછી ન્યુઝમાં આવે. બીજબળ હોય તો પાત્રતા રહે. એટલે કહેવત પડી છે કે સિંહણનું દૂધ સોનાના પાત્રમાં જીરવાય.** તમે દોહવા ગયા હતા સિંહણને ? વડવાઓ ગયા હતા ? હવે તો સિંહ ગીરમાં પણ મળતા નથી. એટલે એ શક્ય નથી. પરંતુ આ કહેવતમાં સુવર્ણ એ પાત્રતાનું પ્રતિક છે. પાત્રતા રાખશો તો પ્રાપ્તિ જળવાઈને રહેશે.

**સત્સંગ માટે પણ પાત્રતા જોઈએ. પાત્રતા ન હોય તો સત્સંગ over flow થઈ જાય, વધી પડે અને કાં તો પછી ખરી પડે. માટે સાચવવું અને કીધું એટલું જ કરવું. વધારે પણ નહી અને ઓછું પણ નહી.** ઘણા કહેતા હોય છે કે બસ, આટલું જ કરવું ? પાંચ જ માળા ફેરવવાની? પાંચ માળા ફરે છે ખરી ? મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહેલું, મહારાજ ! એક માળા ફરે તો ફરે ! માળા ફેરવતા મગજ બીજે જતું રહે તો એ માળા ગણતરીમાંથી રદ થઈ જાય ! એટલે એ માળા ગણતરીમાંન લે. હવે આપણે તો માળા ફરવાની શરૂઆત થાય તેની સાથે જ આખી દુકાન ફરવા માંડે. પૂજાનું પાથરણું પાથરીએ અને દિવસનું પ્લાનીંગ યાદ આવવા માંડે. ખોટું કહેતો હોઉ તો છાતી ઉપર હાથ મૂકો. તમારી અને અમારી બધાની વાત છે. અમારે એવું હોય કે આજે પૂનમ છે... અડધું પ્લાનીંગ બાથરૂમમાં થાય અને અડધું પૂજામાં થાય. છતાં પણ દેવની આગળ થાય છે અને સારું પ્લાનીંગ થાય છે એટલે વાંધો

નહી. કોઈની ટોપી ફેરવવી છે એવું પ્લાનીંગ કરવા વાળા તમે નથી. કારણ દેવના આશ્રયમાં છો અને ખપવાળા છો.

જગદીશભાઈ (યજમાનશ્રી) જેઓ ફુલ મંડળીમાં વર્ષોથી સેવા આપે છે. બહુ સીધા સાદા હરિભક્ત છે. ભીમજીભાઈ (ઓસ્ટ્રેલીયા યજમાનશ્રી)એ પણ લાભ લીધો. તેમને પણ ખૂબ હેત અને લાગણી છે. પૈસાની વસ્તુ જ નથી. ગામડાને સમૂહ રીતે જવાબદારી આપી દો. ધોરિયા સરખા વાળ્યા ન હોય તો પાણી ક્યાંક જવાનું જ છે. અહીં યોગ્ય સ્થાને નહી વપરાય તો બીજે ક્યાંક વપરાઈ જશે. જેની શક્તિ ના હોય એ ના લખાવે. શક્તિ હોય એ લખાવે. ગામડામાંથી ડોહા-ડોહીઓ, નાના મોટા સૌ કોઈ સામૂહિક રીતે ટેમ્પા, ગાડીઓ વગેરે વાહનો ભરી ભરીને આવે. ડોહાઓ ઓટલા તોડતા હોય એને બદલે દેવનું દર્શન કરશે. થોડું **outing** (પર્યટન) થશે. દીકરા-દીકરીઓ સત્સંગના ભીડામાં રહેશે તો સંસ્કાર મળશે. ભગવાનની બે વાત સાંભળશે. આ તો મારું સજેશન છે. માટે જેમ પાટોત્સવ લખાવો છો એમ પૂનમ લખાવી જ દો. પૂનમનો મહિમા છે. મહારાજે કહ્યો છે.

નિર્માની પણું રાખવું. અહિંયા બેઠા છો એ તમે બધા નિર્માની છો. વચનામૃતમાં એક જગ્યાએ મહારાજે એવું કહ્યું કે, નિર્માનીપણાનું પણ માન ન રાખવું. કેટલી ગહન વાત છે ! બહુ નિર્માનીપણું દેખાડવા માંડે, બહુ વાંકા વળીને વારંવાર નમવા લાગે તો એવાથી ચેતી જવું. સમજી જવું કે આને મારા માથે ચડવું છે ! આપણામાં નથી, બીજે હોય છે. લાલચે લલચાતા હોય છે. તેનાથી દૂર રહેવું. તમને અનુભવ હશે. અચાનક જ અતિ વિવેકશીલ થઈ જાય તો સમજી લેવું કે કાટલા કાઢી નાખશે. જોયા છે ને ? એવા આવે એ પહેલા કહી દઉં છું કે આ દશા ખરાબ કરવાના છે.

તમે સુરતથી આવ્યા છો. ગામડે ગામથી આવ્યા છો. કેટલાક પાછળ ઉભા છે. બહેનો પણ પ્રાંગણમાં બેઠા છે. આ તમારું તપ છે. એ તપ તમે કરી રહ્યા છો કારણ કે તમને સૌને ખપ છે. લાગણી છે અને બધા ભાગ્યશાળી છો. **અડસઠ તીરથ ચરણે, કોટિ ગયા કાશી.... એ બધુ અહીંયા છે.** હું તો ક્યાંય તીરથ કરવા ગયો જ નથી અને જતો જ નથી. ભૂલથી કોઈ ઉઠાવી ગયા હોય તો ગયો હોઉં. બાકી **આ નરનારાયણદેવના ચરણોમાં જ બધા તીરથ છે.**

તારે માથે નગારા વાગે મોતના રે... નંદ સંતોની ફિલોસોફી બહુ ગહન અને માર્મિક છે. શાસ્ત્રોમાં ઉંડા ઉતરો તો બહુ ભયંકર થઈ જાય. મહારાજના વચનોનું ઉલ્લંઘન કરવાથી શું થાય એ તો વળી બહુ જ ભયંકર છે. મહારાજે કહ્યું છે, હું તો કહેતો જ નથી. કહીએ તો એનો વિવાદ થાય એવું નથી. પણ જે વચનો છે એ આપણે સરખા ચાલીએ, સુખી થઈએ અને નિષ્ઠાની પરિપકવતા થાય એ માટેના મહારાજના બહુ સરળ વચનો છે.

હવે કોઈ સમયે પૂનમે મંગળામાં ભક્તોનું દર્શન કરવા આવવું છે. ભક્તો એટલે એમાં સંતો અને હરિભક્તો બધા આવી ગયા. કારણ કે આ બધો મહિમા મહારાજે કીધો છે, મેં કીધો નથી. દેવનો મહિમા છે. એમ ભક્તોનો પણ મહિમા છે. ભલે ત્યારે. જય સ્વામિનારાયણ

### ધર્મકુળની પધરામણી અંગે હરિભક્તોને અગત્યનું સૂચન

સર્વે હરિભક્તોને જણાવવાનું જે, આપને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીની સત્સંગના કોઈપણ પ્રસંગની પધરામણીની તારીખ લેવા માટે શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દર એકાદશી-પૂનમના રોજ પધારે ત્યારે જ આપના પ્રસંગની તારીખ, કાર્યક્રમ માટે રૂબરૂ મળીને સમય મેળવી લેવો. **ઉપરોક્ત કામ પ્રસંગે કોઈએ પણ પૂ. મહારાજશ્રીના બંગલે શ્રીસ્વામિનારાયણ બાગ જવું નહીં. જેની સૌ હરિભક્તોએ ખાસ નોંધ લેવી.**

સંપર્ક : કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી
મો. : ૯૯૦૯૯૭૬૦૦૯

### પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની પધરામણી અંગે અગત્યનું સૂચન

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની પધરામણીની તારીખ લેવા માટે બહેનોએ કાલુપુર મંદિર હવેલીમાં સાંખ્યયોગી બહેનોનો સંપર્ક કરવો. **ઉપરોક્ત કામ પ્રસંગે કોઈએ પણ શ્રીસ્વામિનારાયણ બાગ મેમનગર જવું નહીં. જેની સૌ બહેનોએ ખાસ નોંધ લેવી.**

### જયપુર મંદિરમાં નવા મહંતશ્રીની નિયુક્તિ

શ્રી સ્વામિનારાયણ મંદિર જયપુર (ચાંદપોલ બજાર)ના નવા મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામીશ્રી દેવસ્વરૂપદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)ની નિયુક્તિ કરવામાં આવી છે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી

**ઓક્ટોબર-૨૦૨૩**

| | |
|---|---|
| તા. ૦૭-૧૦-૨૦૨૩ | પ.ભ.શ્રી પ્રફુલભાઈ ભગવાનજીભાઈ પરમાર - સુરત |
| તા. ૦૮-૧૦-૨૦૨૩ | પ.ભ.શ્રી વિણાબેન પ્રવિણભાઈ ભાવસાર - હ. પ્રવિણભાઈ ડાહ્યાલાલ ભાવસાર. |
| તા. ૧૩-૧૦-૨૦૨૩ | અ.નિ. મોહનભાઈ કરશનભાઈ પટેલ - સાપાવાડા - હ. ડૉ. હરિકૃષ્ણભાઈ. |
| તા. ૨૪-૧૦-૨૦૨૩ | પ.ભ.શ્રી હિલાબેન નરેન્દ્રભાઈ મહેતા - માંડવી-કચ્છ. |
| તા. ૨૬-૧૦-૨૦૨૩ | પ.ભ.શ્રી કિર્તનભાઈ કૌશિકભાઈ પટેલ - એવા |

**(નવેમ્બર-૨૦૨૩)**

| | |
|---|---|
| તા. ૧૧-૧૧-૨૦૨૩ | (લક્ષ્મી પૂજન) અ.નિ.પ.ભ. ભાસ્કરભાઈ જયદેવભાઈ બ્રહ્મભટ્ટ - હ. પ.ભ. રાજદિપ બ્રહ્મભટ્ટ. |
| તા. ૧૨-૧૧-૨૦૨૩ | હનુમાનજીનું સમૂહ પૂજન. |
| તા. ૨૮-૧૧-૨૦૨૩ | પ.ભ.શ્રી અલ્કાબેન જગદીશભાઈ પટેલ - રાણીપ. |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com**

(અનુ. પેજ નં. ૬ નું ચાલુ

થાય છે જેને ભજી ભજીને મોટા મોટા મોટાઈને પામ્યા તેવા ભગવાનના અનો ભગવાનના અવતારો શ્રી નરનારાયણદેવ, શ્રી લક્ષ્મીનારાયણદેવ, શ્રી રેવતી બળદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી મોરલી મનોહરદેવ, શ્રી મદન મોહનદેવ, શ્રી ગોપીનાથદેવ, શ્રી રાધારમણદેવનો અર્થ કોઈ સ્વર્ગના દેવતા નહી પરંતુ સ્વયં પરબ્રહ્મ પરમાત્મા છે.

શ્રીહરિએ શિક્ષાપત્રી શ્લોક નં. ''૮૧'' માં લખ્યું છે. સર્વ વૈષ્ણવના રાજા એવા જે શ્રી વલ્લભાચાર્ય તેમના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી તે જે તે વ્રત ઉત્સવનો નિર્ણય તેને અનુસરીને સર્વે વ્રત ઉત્સવ કરવા અને તેમને કહી જે શ્રી કૃષ્ણની સેવા રીતિ તેનું જ ગ્રહણ કરવું.''

પુષ્ટિ પરંપરામાં જે ભગવાનના સ્વરૂપોનું સંબોધન કરવામાં આવે છે તે આદિ અનાદિની પરંપરા મુજબ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે સ્થાપિત નવ ધામોના ભગવદ્ સ્વરૂપોના નામ રાખવામાં આવ્યા છે. માટે સંપ્રદાયના આશ્રિતોને કોઈ ગેરસમજ ઉભી કરે તો તેમાં ભરમાશો નહિ. સંપ્રદાયની મૂળ પરંપરા જ શુધ્ધ ઉપાસના સનાતન વૈદિક છે. સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપો પધરાવ્યા છે જે શ્રીહરિના જ સ્વરૂપો છે.

**અમદાવાદ મંદિર શ્રી નરનારાયણદેવની રાજભોગ આરતીનો સમય**

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી નરનારાયણદેવની રાજભોગ આરતી હવેથી કાયમ સવારે ૧૦-૩૦ કલાકે થશે. દર્શનાર્થીઓએ નોંધ લેવા વિનંતી.

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી એકાદશી સત્સંગસભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) ''ધ્યાનનું નિયમ સૌથી ઉત્તમ છે''**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

મહારાજે ચાતુર્માસમાં વિશેષ નિયમ લેવાની આજ્ઞા કરી છે ને તો એ વિશેષ નિયમમાં ધ્યાનનું નિયમ સૌથી ઉત્તમ છે. કેમ કે ધ્યાન એ કારણ શરીરની વાસના દૂર કરવામાં મદદરૂપ થાય છે. સ્થૂળ શરીરમાં જ ખાલી વાસના હોય તો કાંઈ નડે જ નહિ પણ કારણ શરીર સુધી પહોંચી જાય છે એટલે તકલીફ થાય છે. તો ધ્યાનથી કારણ શરીરની વાસના બળે છે. ધ્યાન ચાર પ્રકારના છે. જેની બધાને ખબર હશે. **'સાંગ, 'ઉપાંગ', 'સલીલ'** અને **'સપાર્ષદ',** ધ્યાન મહારાજની મૂર્તિનું નખથી શિખા પર્યંત તિલ, ચિન્હ સહિતના અંગોનું ચિંતવન કરવું તેને 'સાંગ' ધ્યાન કહેવામાં આવે છે. મહારાજની મૂર્તિના વસ્ત્ર અલંકારાદિક શણગારોને ચિંતવવા એટલે કે શણગાર સાથેના ભગવાનના સ્વરૂપનું ધ્યાન તેને 'ઉપાંગ' ધ્યાન કહેવાય છે. મહારાજે કરેલા દિવ્ય અને માનુષિક ચરિત્ર તેને ગાવવા સાંભળવા અને ચિંતવવા તેને 'સલીલ' ધ્યાન કહેવામાં આવે છે. ભગવાન પાર્ષદો અને સંતો હરિભક્તો સાથે સભા કરીને બિરાજેલા હોય તેને સપાર્ષદ ધ્યાન કહેવામાં આવે છે. ધ્યાન કરતી વખતે મનની સ્થિરતા એ બહુ જરૂરી છે. ખિસકોલીની જેમ નહિ કરવાનું. ખિસકોલી શું કરે છે ? કોઈ પણ વસ્તુ ખાતી હોય તો જમવા ઉપર એનું ધ્યાન ઓછું હોય છે. ચારે બાજુ વધારે જોતી હોય છે. મહારાજે સારંગપુરના બીજા વચનામૃતમાં કીધું છે કે જ્યારે પરમેશ્વરના દર્શન કરવા ત્યારે મને સહિત દૃષ્ટિને એકાગ્ર રાખીને કરવા. પરમેશ્વરના દર્શન કરતા હોઈએ ને ત્યાં કોઈ મનુષ્ય આવ્યું ત્યારે પરમેશ્વરના દર્શનમાંથી વૃતિ તોડીને આડી-અવળી ઉંચી-નીચી દૃષ્ટિ કરીને તેના પણ ભેળા દર્શન કરતા જઈએ છીએ અર્થાત્ **ભગવાન સાથે બીજાના દર્શન કરે છે તે દિવસે દિવસે ઉતરતો જાય,** માટે પરમેશ્વરના દર્શન કરતા આડી-અવળી દૃષ્ટિ કરવી નહિ. પરમેશ્વરના દર્શન અને ધ્યાન કરે ત્યારે દૃષ્ટિને નિયમમાં રાખીને કરે. તો જ્યારે ભજનમાં બેસે ત્યારે તેનું મન સ્થિર રહે. નહિ તો બહુ ધારાએ યુક્ત થાય. અને પરમેશ્વરને ધારે ત્યારે તે ભેળે બીજા દર્શન જે જે કર્યા છે તે પણ વગર ધાર્યા આવીને હૈયામાં સ્ફૂરે છે. તે માટે દર્શન તો એક પરમેશ્વરના જ કરવા અને એમ જે દર્શન કરે છે તેનું મન ભજન સ્મરણ કરતે એક પરમેશ્વરમાં જ રહે છે. પણ તેની બહુ ધારા નથી રહેતી એક રહે છે. માટે એકાગ્ર દૃષ્ટિએ કરીને પરમેશ્વરમાં જોડાવું પણ લૌકિક દર્શન ન કરવા અને બીજું મહારાજે ધ્યાન વિષે પ્રથમ પ્રકરણના પાંચમાં વચનામૃતમાં પણ કીધું છે કે ''રાધિકાએ સહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ધ્યાન કરવું અને તે ધ્યાન કરતા મૂર્તિ હૃદયને વિષે ન દેખાય તો પણ ધ્યાન કરવું પણ કાયર થઈને તે ધ્યાનને મુકી દેવું નહિ. એવી રીતના જે આગ્રહવાળા છે તેના ઉપર ભગવાનની મોટી કૃપા થાય છે અને એની ભક્તિએ કરીને ભગવાન એને વશ થઈ જાય છે.'' તો કાયર થઈને ધ્યાન છોડી નહિ દેવાનું. સંસારની સામાન્ય કોઈપણ વસ્તુ હોય તો તેના માટે પણ આપણે જ્યાં સુધી પ્રાપ્ત ના થાય ત્યાં સુધી પ્રયત્ન કરવાનું છોડી નથી દેતા તો એવી રીતે ચાતુર્માસમાં વિશેષ નિયમ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવાનું લેવાનું અને બીજું નિયમ એ પણ વધારે સારુ છે કે ઉચ્ચ સ્વરે કરીને ભગવાનનું સંકીર્તન કરવાનું. કેમ કે ? આપણે જ્યારે એવી રીતે ઉચ્ચ સ્વરે સંકીર્તન કરીએ છીએ ત્યારે અંદરથી કંપન ઉત્પન્ન થાય છે. એ દિવ્ય હોય છે. **જે આપણને દેખાતું નથી સંભળાતું નથી પણ 'અનુભવાય' છે.** અને આ જે અંતરના સ્પંદનો છે તે આપણા મનરૂપી દર્પણ ઉપર જે ધૂળ પડેલી છે તેને ખંખેરીને સાફ કરી દે છે. એટલે એ આપણી અશુધ્ધિને ખંખેરે છે. જેવી રીતે ભૌતિક જગતમાં ૨૪ કલાક રોડ ઉપર કેટલા બધા વાહનોની અવર જવર હોય છે. એના લીધે રસ્તા ઉપર ધૂળ જામી જાય છે. જે જલ્દી દેખાતી નથી. કેમ કે સતત અવર-જવર ચાલુ છે. એવી રીતે દરેક માણસના મગજમાં વિચારોની અવર-જવર ચાલુ હોય

છે. સંસાર-સંબંધી કામનાઓની ઈચ્છાપૂર્તિ માટે અસંખ્ય વિચારોની અવર-જવર ચાલુ જ હોય છે. એ વિચારોરૂપી જે ધૂળ જામી જાય છે. તો ઉચ્ચ સ્વરે કીર્તન કરવાથી એ બધું સાફ કરવામાં મદદરૂપ થાય છે. આ જગત આખું ભડકે બળતું અગ્નિસ્વરૂપ છે. એને શમાવવા માટે અવતારો હોય છે. ગમે તે જગ્યાએ વધારે આગ લાગી હોય તો તેને જાતે સમાવી ના શકાય તેના માટે કોઈની પણ તમારે મદદ લેવી પડે. આપણે ફાયર બ્રિગેડને બોલાવીએ છીએ ને ? એવી રીતે દરેક જીવનની અંદર વાસનારૂપી અગ્નિ ભડકે બળી રહી છે. **જીવ પ્રયત્ન કરે તો લાગેલી આગને જાતે શમાવી ના શકે એટલા માટે 'ભગવાન' આવે છે.** જીવ જાતે આગ બુઝાવવાનો પ્રયત્ન કરે એટલી આગ વધે છે. કેવી રીતે ? તો એકને શમાવીએ તો તરત બીજું આવે છે. અર્થાત્ એક કામના પુરી કરી લઈએ એટલે બીજી ઉત્પન્ન થાય છે. એને શમાવવા માટે ભગવાન અવતાર ધારણ કરી ધર્મની સ્થાપના કરે છે. શાસ્ત્રોની રચના કરે છે. **શાસ્ત્રો દ્વારા અગ્નિને શમાવવાનો રસ્તો બતાવે છે. ધર્મ એ કોઈ બનાવેલી વસ્તુ નથી. શ્રધ્ધામાં વધ-ઘટ થાય. ધર્મમાં વધ-ઘટ થાય નહિ.** જે લોકો સગવડિયા ધર્મનું પાલન કરે છે એ ખોટી વસ્તુ છે. ધર્મને જીવાત્માથી જુદો પાડી શકાય નહિ. ધર્મ પાળવો જ પડે. જે વ્યક્તિ ધર્મમય જીવન જીવે છે એ જ સુખી થાય છે. મોટામાં મોટો ધર્મ શું છે ? એ ક્યારેય ભૂલવું ન જોઈએ કે જીવ એ પરમાત્માનો અંશ છે. સ્વતંત્ર નથી. માટે સ્વચ્છંદમાં નહિ રહેવાનું. સ્વતંત્ર રીતે નહિ જીવવાનું. **હંમેશા ભગવાને બનાવેલા નિયમોમાં રહેવાનો પ્રયત્ન કરવાનો.** જીવને પરમાત્માથી જુદો પાડી શકાય નહિ. જીવ સ્વચ્છંદમાં રહે અને સ્વતંત્ર રહે તો એની સજા પાછળથી ભોગવવી પડે છે. આપણે જે દેશમાં રહીએ એના કાનુનમાં નથી રહેતા તો શરૂઆતમાં બહુ મજા આવે છે. પણ પાછળથી શું થાય છે ? તો માણસ ગુનેગાર તરીકે પોલીસના તાબા હેઠળ આવી જાય છે. અને સજા ભોગવવી પડે છે. એવી રીતે ભગવાનના નિયમોનું પાલન નથી કરતા તો પહેલા તો મજા આવે છે. પણ થોડા વર્ષ પછી ગુનેગાર તરીકે ભ્રામક માયાના તાબા હેઠળ આવી જવાય છે અને સજા શરૂ થાય છે. **ભગવાને બનાવેલા નિયમોમાં વધ-ઘટ ના થાય. કેમ કે ભગવાન સૃષ્ટિના માલિક છે. જે વ્યક્તિ એમ સમજે છે કે ભગવાને બનાવેલા નિયમો પાળવા એ મારી ફરજ છે. એ સુખી થાય છે. અને સાચા અર્થમાં એ જ જ્ઞાની છે.** તો જ્ઞાની બનવા પ્રયત્ન કરવો અને સૃષ્ટિ અને ભગવાન દ્વારા આપેલા નિયમમાં રહેવાનો પ્રયત્ન કરવાનો અને બે વસ્તુનું નિયમ ફરજીયાત લેવાનું. કાયમ આખી જીંદગી માટે એવું નહિ કે ચાતુર્માસમાં જ લેવાનું. તો એક નિયમ એ લેવાનું કે **આપણા લીધે કોઈ જીવના આંખમાં આંસુ ના આવવા જોઈએ. આખી જીંદગીમાં એવું વર્તન નહિ કરવાનું** અને બીજું નિયમ એ લેવાનું કે **તમારા જે અવગુણો હોય ને એને સ્વીકારતા શીખવાનું.** દા.ત. તમને ક્રોધ આવતો હોય અને તમને કોઈ એમ કહે કે તમે ક્રોધી છો તો તમને વધારે ખીજ ચડે અને તમને વધારે ક્રોધ આવી જાય કે 'હું ક્રોધી નથી.' એવું નહિ કરવાનું. પોતાના અવગુણોનું 'રક્ષણ' નહિ કરવાનું. કેટલી બધી આવડત આપણા અવગુણોને છુપાવવામાં જતી રહે છે. અને હદ તો ત્યારે થાય છે કે માણસ ભગવાનથી પણ છુપાવવાનો પ્રયત્ન કરે છે. એ ભૂલી જાય છે કે **એક ભગવાન અને એક આપણો અંતરાત્મા એ બેથી નથી છુપાવી શકાતું.** અવગુણ કાઢવાનું સહેલું છે. કેવી રીતે ? તો આપણે કોઈ પણ રોગ હોય એને સ્વીકારીએ કે હા, મને આ રોગ છે પછી તરત ડૉકટરને બતાવી દઈએ તો ઉપચાર થઈ જાય છે. એવી રીતે **પોતાના અવગુણ દેખાય એટલે તરત સ્વીકારો પછી દૂર કરવાનો પ્રયત્ન કરવાનો.** અને એના માટે કોઈની બહુ સલાહ પણ નહિ લેવાની. જેની પાસે જ્ઞાન હોય જેની લાયકાત હોય એની સલાહ લેવાની અને એવી વ્યક્તિ ના મળે તો ભગવાનને કહી દેવાનું **જેટલી શક્તિ આપણી આપણે બીજાને દગો આપવામાં કપટમાં લગાડી દઈએ છીએ એટલી શક્તિ ભગવાનને પામવામાં લગાડી દઈએ તો બેડો પાર થઈ જાય.** હું કાયમ કહું છું કે એવા નિયમો લો જે કરી શકો પણ હકીકતમાં તો અત્યારે ચાતુર્માસમાં આપણે જે નિયમ ના કરી શકતા હોય, સાચા અર્થમાં આખું વર્ષ સુગમતાથી ના થતું હોય એવું નિયમ લેવાનો પ્રયત્ન કરવાનો. એવી પ્રતિજ્ઞાઓ પુરી કરવા પ્રયત્ન કરવો જોઈએ. **બધા નિયમમાં 'ધ્યાન' સૌથી મોટું છે.** તો ભગવાન તમને બધાને તમારું નિયમ પુરુ કરવામાં બળ આપે એ જ ભગવાનના ચરણોમાં પ્રાર્થના.







આપણા મેમનગર(ભક્તિનગર) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સભામાં આશીર્વાદ પાઠવતા પ.પૂ.લાલજી મહારાજશ્રી





નવા વાડજ બહેનોનાં મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સભામાં આશીર્વાદ પાઠવતા પ.પૂ.લાલજી મહારાજશ્રી





ધૂળકોટ (મૂળીપ્રદેશ) મંદિરના દસમાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા અને સભામાં આશીર્વાદ પાઠવતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ધનતેરસના શ્રી લક્ષ્મીજીનું પૂજન કરતા પ.પૂ.મોટા મહારાજશ્રી



કૂડાસણ (ગાંધીનગર) મંદિરનાં ભૂમિપૂજન બાદ સભામાં આશીર્વાદ પાઠવતા
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી




અમદાવાદ દેશના મૂર્ધન્ય વક્તા લેખક સ.ગુ.શા.સ્વામી હરિકેશવદાસજીની
ગુણાનુવાદ સભામાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી



જેતલપુર મંદિર શ્રી રેવતીબળદેવજી હરિકૃષ્ણ મહારાજના
દિવાળીનાં દર્શન કરતા પ.પૂ.મોટા મહારાજશ્રી



જેતલપુર આપણી સંસ્કૃત પાઠશાળમાં સમૂહ શ્લોક પઠન



લુણાવાડા મંદિરથી કાલુપુર પદયાત્રામાં આવેલ હરિભક્તોએ
પ.પૂ.મોટા મહારાજશ્રી સાથે સભામંડપમાં તસવીર લીધી હતી.



અમદાવાદ મંદિરમાં નિયમિત ચાલતી પૂનમની સભામાં દર્શન આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી



કલોલ (પંચવટી મંદિરમાં) યુવક મંડળ શિબિરમાં યુવાનો ને સંબોધન કરતા
પ.પૂ. લાલજી મહારાજશ્રી



અસારવા શ્રી સ્વામિનારાયણ બાગ મારૂતિ યજ્ઞ પ્રસંગે વીર હનુમાનજીની
આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



માણસામાં કથા પ્રસંગે સભામાં આશીર્વાદ પાઠવતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



સુરેન્દ્રનગર મંદિરના ૧૮ માં પાટોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ પાઠવતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



છપિયા શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક કરતા પ.પૂ.મોટા મહારાજશ્રી



નારણઘાટ મંદિરમાં કાર્તિકી સમૈયાની કથા પ્રસંગે સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતા યજમાન પરિવાર





સાસ્કાટન (કેનેડા) અને નારણપુરા (અમદાવાદ) મંદિરમાં દિવાળી અન્નકૂટ દર્શન



દેવપ્રબોધિની એકાદશીએ શ્રી નરનારાયણ દેવ સમક્ષ પરંપરાગત સંપૂર્ણ રાત્રી ઔચ્છવ કરતા હરિભક્તો



બાલાસિનોર મંદિરમાં નૂતન સિંહાસનમાં પુનઃ પ્રતિષ્ઠા કરતા પ.પૂ.મહારાજશ્રી

# ધનુર્માસમાં વિશેષ સત્સંગ ભક્તિ

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં બાથમાં લઈ સ્વસ્વરૂપ એવા પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના પરમ પવિત્ર સાન્નિધ્યમાં તથા શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળની શુભઆજ્ઞાથી અને પરમ વંદનીય સંતોની ઉપસ્થિતિમાં તા. ૧૬-૧૨-૨૦૨૩ થી તા. ૧૪-૧-૨૦૨૪ એટલે આખો માસ પ્રાતઃકાળે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનો અલૌકિક લાભ લીધો હોય તે નિમિત્તે તા. ૧૪-૧-૨૦૨૪ ના રોજ મકરસંક્રાંતિ પુણ્ય પર્વ હોવાથી આપ સૌ જીવનમાં વર્ષમાં એકવાર આવતા આવા પુણ્ય પર્વમાં દાન પુણ્ય કરીને જીવનને ધન્ય બનાવશો.

## મકરસંક્રાંતિ (ઉત્તરાયણ) પુણ્ય પર્વ પ્રસંગે અલૌકિક દાન પુણ્ય

### શ્રી નરનારાયણદેવ દેશના સમસ્ત હરિમંદિરના કોઠારીશ્રી અને શ્રીનરનારાયણદેવ યુવક મંડળને અનુરોધ

શ્રી નરનારાયણદેવ દેશના તમામ શહેર અને ગામોના કોઠારીશ્રી અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળના પ્રતિનિધિઓને ખાસ અનુરોધ છે કે આપના ગામમાં ઉત્તરાયણ પર્વની ઝોળી ફેરવીને તે નિમિત્તે જે કાંઈ અનાજ, રોકડ કે જીવન જરૂરી પદાર્થ દાનમાં આવે તે તમામ વસ્તુઓ અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ''આંગન'' માં જમા કરાવી પહોંચ મેળવી લેશો. જે તમામ આપનું દાન અનેક નિરાધાર જરૂરિયાતવાળા લોકો સુધી પહોંચશે. આ સંકલ્પ એ આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પૂ. શ્રીરાજાનો છે, એટલે આ ''આંગન''ની સેવા પ્રવૃત્તિ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની દેખરેખ નીચે આપણા સત્સંગી બહેનો દ્વારા કરવામાં આવે છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની સીધી દેખરેખ હેઠળ ''આંગન''નું સુંદર સંચાલન થાય છે. આપ ''આંગન''ની મુલાકાત લો તો આપને અહીં કોઈ મા-બાપ વગરના સંતાન રહે છે તેવું જરાય ન લાગે. સમગ્ર ધર્મકુળ તેમના વાલી છે. ક્યાંય કોઈ જગ્યાએ ન હોય તેવી રહેવા, જમવા, પહેરવેશ, સ્કુલ અને વિશેષ પૂ. ગાદીવાળાશ્રી જ્યારે આંગનમાં પધારે ત્યારે તમામ બાળકો વળગી પડે એટલું વહાલ-પ્રેમ તેમના દ્વારા મળે છે. આ કોઈ અનાથ આશ્રમ નથી, અહીં તો એક પરિવાર રહે છે. દરેક એક બીજાને અનહદ પ્રેમ કરે છે. સંચાલન સંભાળતા બહેન પોતાના બાળકોની જેમ જ સાચવે છે. આવા સુંદર ''આંગન''માં આપની કરેલી સેવા માનવતાના મહાન કાર્યમાં મહેંકી ઉઠશે. આપણો સંપ્રદાય પ્રથમ માનવતાનો ધર્મ શિખવાડે છે.

આ ''આંગન''માં દાન કરનારને **80-G** હેઠળ ઈન્કમટેક્ષમાં માફી મળશે.

**મહંત સ્વામી**
**શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસના**
**શ્રીહરિ સ્મૃતિ સહિત જયશ્રી સ્વામિનારાયણ.**

# ઉત્તરાયણ પુણ્ય (ઝોળી) પર્વ

નામ : ..................................................................................

સરનામું : ..............................................................................

ફોન નં. : ......................... મો. : ..........................................

## ઉત્તરાયણ પુણ્ય પર્વ

તા. 14-1-2024ના ઉત્તરાયણ - મકરસંક્રાંતિના શ્રી નરનારાયણદેવના દર્શને પધારો ત્યારે આ કાર્ડમાં આપની ઈચ્છાનુંસાર રકમ ભરી કોઠાર ઓફિસમાંથી પહોંચ મેળવી લેવી. દૂર વસતા હરિભક્તોએ ચેક - ડ્રાફ્ટ અને ઓનલાઈનથી રકમ મોકલવી.

| વિગત | ભાવ રૂા. | વજન | ૫ કિલોના ભાવ રૂા. | આપની સેવા રૂા. |
|---|---|---|---|---|
| ચોખા | ૩૮૦૦ | ૧૦૦ કિલો | ૧૯૦ | |
| ઘઉં | ૨૫૦૦ | ૧૦૦ કિલો | ૧૦૦ | |
| મગ | ૧૦૦૦૦ | ૧૦૦ કિલો | ૫૦૦ | |
| તલ | ૨૬૦૦ | ૨૦ કિલો | ૬૫૦ | |
| ચણા દાળ | ૫૫૦૦ | ૨૦ કિલો | ૪૦૦ | |
| તુવેર દાળ | ૧૪૦૦૦ | ૧૦૦ કિલો | ૭૦૦ | |
| મોગર દાળ | ૧૦૮૦૦ | ૧૦૦ કિલો | ૬૦૦ | |
| શુદ્ધ ઘી | ૬૫૦૦ | ૧ ડબો | ૧૬૦૦ | |
| તેલ | ૧૫૦૦ | ૧ ડબો | ૪૦૦ | |
| ગોળ | ૫૦૦૦ | ૧૦૦ કિલો | ૨૫૦ | |
| ખાંડ | ૪૧૦૦ | ૧૦૦ કિલો | ૨૧૦ | |
| કુલ રૂા. | ૫૭૩૦૦ | | ૫૬૦૦ | |

દાન, વસ્તુ રૂપે, રોકડ સ્વરૂપે તથા ચેક અથવા ડ્રાફ્ટ
"શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ"ના નામે આપશો.
સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ ફોન : ૮૨૩૮૦૦૧૬૬૬

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાણ મંદિર કાલુપુર ખાતે ઉજવાયેલા ઉત્સવો**

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૫૧ મો પ્રાકટ્યોત્સવ :** પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના પરમ સાનિધ્યમાં આસો સુદ-૧૦ વિજયા દશમી તા. ૨૪-૧૦-૨૦૨૩ ના શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૫૧ મો પ્રાકટ્યોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં ખૂબજ ધામધૂમપૂર્વક ઉજવાયો.

સૌ પ્રથમ મંદિરના ચોકમાં સંત-હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું ભવ્ય સ્વાગત સામૈયું, સંગીતની મધુર સૂરાવલી સાથે કર્યું. ત્યારબાદ શ્રી નરનારાયણદેવની આરતી ઉતારી દર્શન કરી સભામાં બિરાજમાન થયા. મંદિરના ગોર દ્વારા સ્વસ્તિવાંચન પૂજન વિધિવત્ રીતે થયું હતું. ત્યારબાદ અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી, જેતલપુર મંદિરના પૂ. પી.પી. સ્વામી, પૂ. શા. સ્વા. નિર્ગુણદાસજી આદિ સંતો દ્વારા સમૂહ આરતી ઉતારવામાં આવી હતી. પ્રાકટ્યોત્સવના યજમાન અ.નિ. પિતાશ્રી શિવજીભાઈ મેઘજી હિરાણી, ગં.સ્વ. માતુશ્રી અમરબાઈ શીવજી હિરાણી નારણપર-કચ્છ, મનજી શિવજી હિરાણી, વનિતાબેન મનજી હિરાણી, દીકરી રેશ્મા હિરાણી પુત્ર ભાવિન - પુત્રવધુ મુક્તિ ભાવિન હિરાણી પૌત્ર ઈશાન, હ્યુસ્ટન-ટેકસાસ પરિવારે આરતી ઉતારીને ધર્મકુળના રૂડા આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આપણા નવ યુવાન વિદ્વાન સંતોએ પ.પૂ. મહારાજશ્રીને પોતાના હૃદયની શુભેચ્છા પાઠવી હતી. હજારો સંતો-હરિભક્તોને શ્રીહરિના ૬ઠ્ઠા, ૭ માં અને ૮ માં વંશજે ખૂબજ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભાનું સુંદર સંચાલન સંપ્રદાયના વિદ્વાન કથાકાર પૂ. શા. સ્વા. રામકૃષ્ણદાસજીએ શોભાવ્યું હતું. પૂ. મહંત સ્વામીના સુંદર માર્ગદર્શનથી સમગ્ર પ્રસંગ ભવ્યતાથી સંપન્ન થયો હતો.

(કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજી)

**આસો સુદ-૧૫ ની સત્સંગ સભા :** છેલ્લા ૬ માસથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં ધર્મકુળની નિશ્રામાં દર પૂનમે નિયમિત સવારે ૮-૩૦ થી ૧૦-૦૦ સત્સંગ સભાનું સુંદર આયોજન થાય છે. આસો સુદ-૧૫ ની સત્સંગ સભા પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી શ્રી પુરૂષોતમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી પ.ભ. મનજી શામજી ભૂડીયા, પ.ભ. કાંતાબેન મનજી ભૂડીયા, પ.ભ. રાજેશ મનજી ભૂડીયા, હીના રાજેશ ભૂડીયા, શ્લોક રાજેશ ભૂડીયા (વિલ્સડન યુ.કે.)ના યજમાનપદે સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (આદરજ) એ ભગવાન શ્રીહરિની લીલાનું કથામૃત પાન કરાવ્યું હતું. આજે દર્શનાર્થે અને કથા શ્રવણ કરવા પધારેલા તમામ ભક્તોને સુંદર ભોજન પ્રસાદ જમાડવામાં આવ્યો હતો.

(કોઠારી શા. સ્વા. નારાયણમુનિદાસજી)

**અમદાવાદ મંદિરમાં શરદોત્સવ :** શ્રીહરિના સમકાલીન સમયથી ઉત્સવોની પરંપરા આજે પણ અવિરત ચાલુ છે. આસો સુદ-૧૫ શરદ પૂર્ણિમાના રાત્રે ચંદ્રગ્રહણ હોવાથી તા. ૨૯-૧૦-૨૦૨૩ ના રોજ રાત્રે ૮-૩૦ કલાકે શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરમાં શ્રી નરનારાયણદેવના સાન્નિધ્યમાં ભવ્ય શરદોત્સવ ઉજવાયો. શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ દ્વારા પરંપરાગત ઓચ્છવ, ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની આરતી થઈ હતી. આપણા ગાયક કલાકાર પ.ભ. પૂરવ પટેલ અને તેમના સાથીદારો દ્વારા કીર્તન ભક્તિ અને રાસની ભાઈઓ અને બહેનોએ અલગ-અલગ વિભાગમાં ખૂબજ રમઝટ બોલાવી ને શરદોત્સવ ને ભરપુર માણ્યો હતો. પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા- માર્ગદર્શનથી સુંદર આયોજન સંપન્ન થયું હતું. આજના શરદોત્સવના યજમાન પ.ભ. અ.નિ. કાંતાબેન ચુનીલાલ સોની પરિવાર (પલીયડવાળા) રાણીપ - હ. જયેન્દ્ર ચુનીલાલ સોની, પાર્થ જયેન્દ્ર સોની, મીત જયેન્દ્ર સોની પરિવારે સુંદર લાભ લઈ જીવન કૃતાર્થ કર્યું હતું.

(કોઠારી શા. સ્વા. નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દિવાળીના ઉત્સવો**

**શ્રી હનુમાનજી મહારાજનું પૂજન-અર્ચન :** શ્રીસ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં વિરાજમાન શ્રીકષ્ટભંજનદેવનું આસો વદ-૧૪ તા. ૧૧-૧૧-૨૦૨૩ ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે પૂજન-અર્ચન-આરતી વિધિવત રીતે સંપન્ન થયું હતું. દાદાના પૂજારી પાર્ષદ બાબુ ભગતે સુંદર આયોજન કર્યું હતું.

**સમૂહ શારદા પૂજન-ચોપડા પૂજન :** પરમકૃપાળુ શ્રીનરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પ્રસાદીના સભા મંડપમાં પરંપરાગત રીતે તા. ૧૨-૧૧-૨૦૨૩ ના રોજ સમૂહ શારદા પૂજન-ચોપડા પૂજન સાંજના ૬-૩૦ થી ૮-૦૦

કલાક પર્યન્ત મંદિરના ગોર દ્વારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયું હતું.

અમદાવાદ શહેર અને અન્ય ગામો-શહેરના વેપારીઓએ પોતાના ધંધા-ઉદ્યોગના ૮૦૦ જેટલા ચોપડાનું પૂજન કરાવીને મહાઅલૌકિક લાભ લીધો હતો. પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીએ સુંદર આયોજન કર્યું હતું. (કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજી)

**આસો વદ-૩૦ દિવાળીના શ્રી નરનારાયણાદિદેવોનો ભવ્ય અન્નકૂટોત્સવ**

શ્રીહરિના સમયથી અન્નકૂટની પરંપરા ચાલતી આવે છે. શ્રીહરિએ સૌ પ્રથમ અન્નકૂટનો પ્રારંભ શરૂઆત આપણા આદરજ ગામથી કરી હતી. આસો વદ-૩૦ દિવાળીના સવારે ૧૦-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે અન્નકૂટ આરતી થઈ હતી. સાંજના ૪-૩૦ સુધી હજારો હરિભક્તોએ અન્નકૂટના દર્શન કર્યા હતા.

**અમદાવાદ મંદિર દ્વારા હરિમંદિરોને અન્નકૂટ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પૂ.મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ દેશના હરિમંદિરોને તેમના ઓર્ડર મુજબ અત્રેથી અન્નકૂટ પ્રસાદ બનાવીને આપ્યો હતો. આ વર્ષે ઘણા હરિમંદિરોએ આ સેવાનો લાભ લીધો હતો. આવતા વર્ષે વિશેષ હરિમંદિરો આ સેવામાં જોડાય જેથી તેમને શુધ્ધ પવિત્રતાથી બનાવેલ અન્નકૂટ પ્રસાદ મળી શકે.

(કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી)

**અમદાવાદ મંદિરમાં દીપોત્સવ ઉજવાયો :** શ્રીસ્વામિનારાયણ મંદિર અમદાવાદ ખાતે પરમકૃપાળુ શ્રીનરનારાયણદેવના શુભ સાન્નિધ્યમાં શ્રીહરિ જ્યાં સંતો-ભક્તો સાથે રંગોત્સવ રમતા તે મહાતીર્થ પ્રસાદીની છત્રીના સાન્નિધ્યમાં રાત્રીના સુંદર અદ્‌ભુત દિવડાઓની રોશની કરીને ચારે તરફ રંગબેરંગી વાતાવરણ વચ્ચે હજારો હરિભક્તો અને સંતોની ઉપસ્થિતિમાં અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીએ ચોકની વચ્ચે ઉભા રહીને શ્રી નરનારાયણદેવની આરતી ઉતારી હતી. આજે સૌના હૃદયમાં દિવાળીનો આનંદ-ઉલ્લાસ સમાતો ન હતો. પૂ. મહંત સ્વામીના સુંદર માર્ગદર્શનથી તેમના મંડળના સંતોએ ખૂબજ જહેમત કરી પ્રસંગને શોભાવ્યો હતો.

(કોઠારી શા. સ્વા. નારાયણમુનિદાસજી)

**રંગમહોલ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ**

શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં રંગમહોલમાં બિરાજમાન સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજનો વાર્ષિક પાટોત્સવ કારતક સુદ-૧૨ રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ષોડશોપચાર અભિષેક વિધિવત રીતે સંપન્ન થયો હતો. જેના યજમાન હરિૐ પરિવારે મહા અલૌકિક લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું. પૂજારી સ્વામી દેવ સ્વામીએ શ્રી ઘનશ્યામ મહારાજને સુંદર વાઘા-અલંકારો ધારણ કરાવી સૌ ભક્તોને અલૌકિક દર્શન કરાવ્યા હતા. આજે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી સવારે ૯-૩૦ થી ૧૨-૦૦ સુધી ફક્ત બહેનોને દર્શનનો મહા લાભ આપવામાં આવ્યો હતો. (કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજી)

**પ્રબોધિની એકાદશી સૂકા મેવાના અન્નકૂટ-હાટડી દર્શન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી કાતરક સુદ પ્રબોધિની એકાદશીના શ્રી નરનારાયણદેવને સૂકામેવાનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. જેના યજમાન જન્મ દિન નિમિત્તે એક હરિભક્તે (ઓસ્ટ્રેલીયા) મહા અલૌકિક લાભ લઈ જીવન કૃતાર્થ કર્યું હતું. હાટડી દર્શનના યજમાન પ.ભ. પ્રાણવી અરવિંદ લાઘાણી ભુજ(કચ્છ) આજે હજારો હરિભક્તોએ ઠાકોરજીના સૂકામેવાના દર્શન અને હાટડી દર્શન કરી ખૂબજ આનંદ અનુભવતા હતા. આજે શ્રી નરનારાયણદેવ સમક્ષ શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળે આખી રાત ઓચ્છવ કર્યો હતો. અને હવેલીમાં આખી રાત પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની નિશ્રામાં બહેનોએ કીર્તન ભક્તિ ધૂન કરી હતી. તેમજ રાત્રે ૧૦-૦૦ થી ૧૧-૦૦ ત્રણ આરતીના દર્શન થયા હતા.

(કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી)

**શ્રી નરનારાયણદેવને અનાજ-ધાન્યનો અન્નકૂટ જરૂરિયાતમંદોને તેનું વિતરણ**

જે પરમાત્મા જગતનો તાત ખેડૂતના પરિશ્રમ-માધ્યમ રૂપે સમગ્ર બ્રહ્માંડમાં જીવ-પ્રાણી માત્રના પોષણ સારું ધરતી માતા થકી વિવિધ ધાન્ય અનાજ પકવીને આપણને આપે છે. તેવા દરેક પ્રકારના અનાજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી હરિભક્તોએ નૂતન વર્ષના અર્પણ કર્યું. તેનો સુંદર અદ્‌ભુત અન્નકૂટ શ્રી નરનારાયણાદિક દેવોને ધરાવવામાં આવ્યો. તે પ્રસાદનું અનાજ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના સંકલ્પથી **મંગલ મંદિર માનવ સેવા પરિવાર (બગોદરા)ને તમામ અનાજ મોકલવામાં આવ્યું હતું. આપણા મંદિર દ્વારા અવાર-નવાર અહીં મદદ કરવામાં આવે છે. આપણી આ સેવાથી આ સંસ્થાના સંચાલકો ખૂબજ લાગણીવશ અને આભારી થયા હતા.** આવો સંકલ્પ શ્રીહરિને કાયમ થતો અને તે જ સંકલ્પ તેમના પુત્ર ધર્મકુળને થાય જ તેમાં નવું કાંઈ નથી

એ તો એમનામાં સહેજે રહેલા ગુણ છે. પૂ. મહંત સ્વામીએ પણ આ ભગીરથ સેવાનું કામ સુપેરે પૂર્ણ કર્યું. આવા સમાજ સેવાના કાર્યમાં દેશ-વિદેશથી પણ સુંદર સેવા પ્રાપ્ત થઈ છે. આપણા લેસ્ટર (આઈ.એસ.એસ.ઓ. યુ.કે.)ના હરિભક્તો તેમજ પ.ભ. સતિષભાઈ જયંતીલાલ શાહ પરિવાર (અમદાવાદ) આદિએ સેવા કરીને શ્રી નરનારાયણદેવનો રાજીપો મેળવ્યો છે. (કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી)

**કારતક સુદ-૧૫ સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ ખાતે શ્રી નરનારાયણદેવના સાન્નિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં કારતક સુદ-૧૫ દેવદિવાળીના પ્રસાદીના સભા મંડપમાં સ.ગુ. શા. સ્વામી વિશ્વવિહારીદાસજી (કોટેશ્વર)એ કથામૃતનું સુંદર રસપાન કરાવ્યું હતું. જેના યજમાન પ.ભ. ભરતકુમાર ગાંડાભાઈ પટેલ પરિવાર (સોલાવાળા) હ. અ.સૌ. લલીતાબેન, પ્રજ્ઞેશભાઈ, અ.સૌ. જીલ્પાબેન, વિશાલભાઈ, અ.સૌ. નીપાબેન, નૈતિકભાઈ, અ.સૌ. બ્રિન્દાબેન, અવધ, નીલકંઠ, મૂર્તિ, કેશીની (ભક્તિ), ભાવી, પીહુ, રેયા પરિવારે લાભ લીધો હતો. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીએ સુંદર આયોજન કરી સૌને ભજન કરાવી સુંદર પ્રસાદ રૂપી ભોજન જમાડી તૃપ્ત કર્યા હતા.

(કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી)

**અ.નિ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજીની ગુણાનુવાદ સભા**

અમદાવાદ શ્રી નરનારાયણદેવના ચરણોમાં રહી જીંદગીના ૬૬ વર્ષ સંપ્રદાયની સેવામાં સમર્પિત કરનાર તથા છેલ્લા ૪૬ વર્ષથી સ્વામિનારાયણ મંદિર, સેકટર-૨૩ ગાંધીનગર ખાતે રહી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી જેમણે સાહિત્યની અજોડ સેવા કરી છે તેવા સ્વામિનારાયણ સંપ્રદાયના મૂર્ધન્ય વક્તા લેખક પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજી તા. ૭-૧૦-૨૦૨૩ શનિવારના રોજ મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા. તેઓશ્રીની ગુણાનુવાદ સભા તા. ૨૦-૧૦-૨૦૨૩ શુક્રવારે શ્રી નરનારાયણદેવના ચરણોમાં એ પ્રસાદીના પ્રાંગણમાં અને સમગ્ર ધર્મકુળની શુભનિશ્રામાં સંપન્ન થઈ. જેમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ અંતરના ઉંડાણમાં રહેલી શાસ્ત્રી સ્વામી સાથેની લાગણીઓ તથા દેશ-વિદેશમાં સત્સંગ પ્રવાસ દરમિયાન બનેલા યાદગાર પ્રસંગોને યાદ કરી તથા તેમની સાહિત્ય અને સત્સંગ ઘડતરની સેવાઓને યાદ કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે અમદાવાદ, મૂળી, ભૂજ, વડતાલ, ગઢપુર, જુનાગઢ, ધોલેરા તેમજ જેતલપુર, ધોળકા વગેરે ધામોધામથી પધારેલા સંતોએ પણ પૂ. શાસ્ત્રી સ્વામી સાથેના પ્રસંગો તેમજ સાહિત્યની સેવાને યાદ કરી ભાવાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે ૩૦૦ જેટલા સંતો-પાર્ષદો તથા ત્રણેક હજાર જેટલા હરિભક્તોએ હાજર રહી હૃદયની લાગણી સમર્પી હતી. પૂ. શાસ્ત્રી સ્વામીના શિષ્ય શાસ્ત્રી હરિપ્રિયદાસજીએ સમગ્ર ધર્મકુળ, બન્ને દેશના સંતો, આ પ્રસંગે સેવા કરનાર સદ્‌ભાવી હરિભક્તો તથા સભામાં ઉપસ્થિત સહુ હરિભક્તો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન પૂ. સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરૂકુળ)એ સંભાળ્યું હતું. (નારાયણ વી. જાની - ગાંધીનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ભક્તિનગર (મેમનગર) મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ-રજત જયંતી મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા આપણા ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી તેમજ અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ભક્તિનગર-મેમનગરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ એવમ્ રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં તા. ૨૦-૧૧-૨૩ થી તા. ૨૫-૧૧-૨૩ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ્ન પારાયણ સંપ્રદાયના સુપ્રસિધ્ધ યુવાન કથાકાર સંતશ્રી પૂ.સદ્. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે સંગીતના સુંદર તાલ સાથે સુંદર ભવ્ય ડોમમાં હજારો હરિભક્તોએ કથાનું રસપાન કર્યું હતું. સંહિતાપાઠના વક્તાશ્રીઓએ સંહિતાપાઠનું પાન કર્યું હતું.

પ્રસંગ દરમ્યાન પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, પ.પૂ. અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીએ પધારીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના અતિ આગ્રહથી તા. ૨૪-૧૧-૨૩ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી પણ પધાર્યા હતા અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ખાસ આમંત્રણથી પધાર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ પ્રસંગોચિત સુંદર ઉદ્‌બોધન કર્યું હતું અને પ.પૂ. મોટા મહારાજશ્રીએ પણ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પૂ. મહારાજશ્રીએ સભામાં બિરાજી સૌ યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તા. ૨૫-૧૧-૨૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા

વેદોક્ત વિધિથી સંપન્ન થઈ હતી. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન પૂ. શા. સ્વામી નારાયણમુનિદાસજીએ શોભાવ્યું હતું. ધામોધામથી ઘણા સંતો પણ પધાર્યા હતા.

સમગ્ર આયોજન સમસ્ત સત્સંગ સમાજ મેમનગર તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ મેમનગર ભક્તિનગર દ્વારા સંપન્ન થયું હતું. સમગ્ર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના મુખ્ય યજમાન અ.નિ. ગંગારામભાઈ મહાદેવભાઈ, અ.નિ. વાલીબેન ગંગારામભાઈ પટેલ, અ.નિ. નટવરભાઈ ગંગારામભાઈ પટેલ પરિવાર - હ. પ.ભ. ઈશ્વરભાઈ (પંઢરપુરવાળા) તેમજ શ્રી નરનારાયણદેવની મૂર્તિના યજમાન અ.નિ. કાનજીભાઈ ભીમજીભાઈ રાઘવાણી, અ.નિ. વેલબાઈ કાનજીભાઈ રાઘવાણી પરિવાર બળદીયા-કચ્છ, શ્રી રાધાકૃષ્ણદેવની મૂર્તિના યજમાન પ.ભ. નરસિંહભાઈ મગનભાઈ પટેલ, કાંતાબેન નરસીભાઈ પટેલ પરિવાર (દેવપુરા) આદિ નાના મોટા ઘણા યજમાન પરિવારોએ લાભ લીધો હતો. (કોઠારી શાસ્ત્રી મુનિ સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટને આંગણે કાર્તિકી સમૈયો**

ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અમદાવાદ કાલુપુર મંદિરના મહંત પૂજ્ય શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તેમજ પૂજ્ય સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી દિવ્યપ્રકાશદાસજી (નારાયણઘાટ)ના સુંદર આયોજન દ્વારા મહાતીર્થ ભૂમિ નારાયણઘાટ મંદિર ખાતે કાર્તિકી સમૈયાના ઉપક્રમે શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ, ભવ્ય તુલસી વિવાહ, શ્રી ભક્તિ માતા ૨૮૨ માં પ્રાગટ્યોત્સવ પ્રસંગે રાજોપચાર પૂજા અને ભવ્ય અન્નકૂટ તા. ૨૧-૧૧-૨૩ થી તા. ૨૭-૧૧-૨૩ દરમ્યાન સંપન્ન થયો.

સ.ગુ. શા. સ્વામી યજ્ઞપ્રકાશદાસજી (કલોલ મહંતશ્રી)એ શ્રીમદ્ ભાગવત પંચાહ્ન રાત્રીય કથાનું સુંદર પાન કરાવ્યું હતું. મુખ્ય યજમાન અ.નિ. અંબાલાલ કચરદાસ પટેલ, અ.નિ. ગં.સ્વ. જીવીબેન અંબાલાલ પટેલની સ્મૃતિ અર્થે પ.ભ. મહેન્દ્રભાઈ અંબાલાલ પટેલ, અ.સૌ. આશાબેન મહેન્દ્રભાઈ પરિવાર રહ્યા હતા. આ પ્રસંગમાં ધામોધામથી સંતો અને સાંખ્યયોગી માતાઓ પધાર્યા હતા.

**ભવ્ય તુલસી વિવાહ :** તા. ૨૬-૧૧-૨૩ ના રોજ સંપન્ન થયો. જેમા વરપક્ષના યજમાન રણછોડભાઈ બબલદાસ પટેલ, અ.સૌ. ડાહીબેન રણછોડભાઈ પટેલ, કન્યા પક્ષના યજમાન પ.ભ. મહેન્દ્રકુમાર અંબાલાલ પટેલ, અ.સૌ. આશાબેન મહેન્દ્રકુમાર રહ્યાં હતાં. સાથે વરપક્ષ મામેરૂ અને કન્યા પક્ષ મામેરામાં યજમાનોએ સુંદર લાભ લીધો હતો. આ પ્રસંગે તા. ૨૫-૧૧-૨૦૨૩ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પધારી સૌને દર્શન આશીર્વાદનો અલૌકિક લાભ આપ્યો હતો. ધામોધામના ઘણા સંતો પધાર્યા હતા તેમજ હજારો હરિભક્તોએ કથા શ્રવણ તુલસી વિવાહનો લાભ લીધો હતો.

**શ્રી સ્વામિનારાયણ મંદિર માંડલ ચિન્હ ચિંતામણી કથા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુર ધામના પૂ. મહંત સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. શા. પી.પી. સ્વામીના માર્ગદર્શન-પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર માંડલ ખાતે શ્રાધ્ધ પક્ષમાં સ.ગુ. શા. સ્વા. ભક્તિનંદનદાસજીના વક્તાપદે શ્રીમદ્ ચિન્હ ચિંતામણીની રાત્રીય પંચાહ્ન પારાયણ સંપન્ન થઈ હતી. માંડલ ગામના સર્વે હરિભક્તો સુંદર કથામૃત પાન કરી ખૂબજ રાજી થયા હતા. (કોઠારીશ્રી માંડલ)

**શેર (તા. વિરમગામ) ગામે સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુર ધામના પૂ. મહંત સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. શા. પી.પી. સ્વામીના માર્ગદર્શન-પ્રેરણાથી અત્રે શેર ગામે સ.ગુ. શા. સ્વા. ભક્તિનંદનદાસજી અને જેતલપુરધામના સંત મંડળે ગામના સર્વે હરિભક્તોને સત્સંગ સભાના માધ્યમથી ભગવાન શ્રીહરિના અલૌકિક લીલા ચરિત્રોની કથા કરી ખૂબ રાજી કર્યા હતા. (કોઠારીશ્રી શેર ગામ)

**લુણાવાડા (કડીયાવાડ) પ્રસાદીના મંદિરમાં ચિન્હ ચિંતામણી ગ્રંથ પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુર ધામના પૂ. મહંત સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી અને જેતલપુરધામના પૂ. મહંતશ્રી કે.પી. સ્વામીના માર્ગદર્શનાથી અ.નિ. સ.ગુ. સ્વા. વાસુદેવચરણદાસજીની સ્મૃતિમાં લુણાવાડા કડીયાવાડ પ્રસાદીના મંદિરમાં પંચ રાત્રીય ચિન્હ ચિંતામણીની પારાયણ સ.ગુ. શા. સ્વા. ભક્તિનંદનદાસજીના વક્તાપદે સમગ્ર ગામ કથાનું રસ પાન કરી ધન્ય બન્યા હતા. જેના યજમાન પ.ભ. અનિલભાઈ ભાટીયા પરિવાર રહ્યા હતા.

(કોઠારીશ્રી લુણાવાડા)

**માણસા ગામે શ્રીમદ્ ભાગવત કથા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ તેમજ કૂળદેવી શ્રી ઉમિયામાતાજીની કૃપાથી તેમજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તેમજ અમદાવાદ મંદિરના મહંત સ્વામી પૂ. સદ્. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી અને માણસા મંદિરના મહંત શા. સ્વામી ધર્મકિશોરદાસજીના સહકારથી પ.ભ. કાંતિલાલ અંબાલાલ પટેલ તથા પ.ભ. ભીખીબેન કાંતિલાલ પટેલના સંકલ્પથી તેમના પુત્ર નરેન્દ્રભાઈ કાંતિલાલ પટેલ, દિલ્પેશકુમાર કાંતિલાલ પટેલના સુંદર આયોજનથી તા. ૧૫-૧૧-૨૩ થી તા. ૧૯-૧૧-૨૩ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ સંપ્રદાયના સુપ્રસિધ્ધ કથાકાર પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે વૃન્દાવનધામ માણસા ખાતે સંપન્ન થઈ હતી.

કથા દરમ્યાન તા. ૧૭-૧૧-૨૦૨૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. કથાની પૂર્ણાહુતિ પ્રસંગે તા. ૧૯-૧૧-૨૩ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પધારીને સૌ ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભાનું સુંદર સંચાલન સ.ગુ. શાસ્ત્રી સ્વામી ગોપાલચરણદાસજી (કલોલ)એ કર્યું હતું.

(કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજી)

**બિલોદરા (માણસા) ગામે દશાબ્દી પાટોત્સવ-એવમ્ શ્રીમદ્ ભાગવત્ પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ અમદાવાદ મંદિરના મહંત સ્વામી પૂ. સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી વ્રજભૂષણદાસજી (ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ તથા સમસ્ત બિલોદરા ગામના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર બિલોદરા દશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં સ.ગુ. શા. સ્વામી સુવ્રતસ્વરૂપદાસજીના વક્તાપદે સંગીતના મધુર સૂર સાથે શ્રીમદ્ ભાગવત્ રાત્રીય પારાયણ તા. ૨૦-૧૧-૨૩ થી તા. ૨૪-૧૧-૨૩ પર્યન્ત સંપન્ન થઈ હતી. આ પ્રસંગના ઉપલક્ષમાં ભવ્ય શાકોત્સવ-તુલસી વિવાહ, અન્નકૂટ-પોથીયાત્રા ધામધૂમપૂર્વક સંપન્ન થયા હતા. તા. ૨૪-૧૧-૨૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને નિજ મંદિરમાં ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી શાકોત્સવનો વઘાર કરી સભામાં પધારી સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. શાકોત્સવના યજમાન પટેલ સોનલબેન નવનીતકુમાર (માંડવી-કચ્છ) પરિવાર રહ્યાં હતા. સભા સંચાલન ઉનાવા મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશદાસજીએ સંભાળ્યું હતું. ધામોધામથી સંતો પધાર્યા હતા.

(કોઠારીશ્રી બિલોદરા)

**આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર પરઢોલ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂજ્ય સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર મંદિર)ની પ્રેરણા-માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ તથા સમસ્ત પરઢોલ ગામના સુંદર આયોજનથી તા. ૩-૧૨-૨૦૨૩ થી તા. ૫-૧૨-૨૦૨૩ પર્યન્ત નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર પરઢોલના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત ત્રિદિનાત્મક પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી સત્યસંકલ્પદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે ધામધૂમથી સંપન્ન થઈ હતી. ગામના તમામ હરિભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી શ્રીહરિ અને ધર્મકુળનો રાજીપો મેળવ્યો હતો.

તા. ૫-૧૨-૨૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા વિધિવત્ રીતે સંપન્ન થઈ હતી. ત્યારબાદ સભામાં બિરાજમાન થઈ સર્વે સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે સંતો મોટી સંખ્યામાં પધાર્યા હતા. સમગ્ર પ્રસંગમાં સભાપતિનું સુંદર સંચાલન સ.ગુ. કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજીએ સંભાળ્યું હતું.

(કોઠારી એન. એમ. શાસ્ત્રી - કાલુપુર)

**આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર મુબારકપુરા ૧૩ મો વાર્ષિક પાટોત્સવ-શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સ.ગુ. પૂ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર) તથા સ.ગુ. શા. સ્વા. વ્રજભૂષણદાસજી (ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી તેમજ શ્રી સ્વામિનારાયણ મંદિર સમસ્ત સત્સંગ પરિવાર મુબારકપુરાના સુંદર આયોજનથી તા. ૧-૧૨-૨૦૨૩ થી તા. ૩-૧૨-૨૦૨૩ પર્યન્ત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો ૧૩ મો વાર્ષિક પાટોત્સવ એવમ્ ભવ્ય શાકોત્સવ અંતર્ગત "શ્રી વિદુરનીતિ" ત્રિદિનાત્મક પારાયણ સ.ગુ. મહંત શા. સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (કલોલ)ના વક્તાપદે સુંદર કથામૃત પાન કરાવ્યું હતું. તા. ૩-૧૨-૨૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીના ૧૩ માં પાટોત્સવની આરતી-અન્નકૂટ આરતી અને ત્યારબાદ ભવ્ય શાકોત્સવ વઘાર કરી સભામાં બિરાજી ગ્રામજનોને ખૂબજ પ્રસન્ન થકા

રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ગામના તમામ હરિભક્તોએ તન, મન, ધનથી સેવા કરી હતી. આ પ્રસંગમાં ધામોધામના સંતો-મહંતશ્રીઓએ પધારી પોતાની અમૃતવાણીનો લાભ આપ્યો હતો. સભા સંચાલન ઉનાવા મંદિરના મહંત શા. સ્વા. દેવપ્રકાશદાસજીએ શોભાવ્યું હતું. (કોઠારીશ્રી મુબારકપુરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ અત્રે મંદિરના મહંત શા. પ્રેમપ્રકાશદાસજીની પ્રેરણાથી ભાદરવા સુદ-૧૧ શ્રી ગણપતિજીનું પૂજન, દરમાસના છેલ્લા રવિવારે ખીચડી ઉત્સવ, સુદ એકાદશી સાંજના પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી દર મંગળવારે તથા બન્ને એકાદશીએ બહેનોની સભા થાય છે. પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી દર રવિવારે બાળકો-બાલિકાઓની બાળ સભા થાય છે. યુવક મંડળ મહિલા મંડળ સુંદર સેવા કરે છે. (ઘનશ્યામ ભગત)

## મૂળી પ્રદેશના સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર હળવદ**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર હળવદ (ટાવરવાળું) તા. ૧૩-૧૦-૨૦૨૩ ના રોજ ૧૨ કલાકની અખંડ ધૂનનું સુંદર આયોજન કરી ઠાકોરજીને અલૌકિક અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. બ્રહ્મદર્શન સ્વામીએ સમગ્ર આયોજન કર્યું હતું. અત્રે બાળ મંડળની સુંદર પ્રવૃતિ શા. સ્વા. ભક્તિનંદનદાસજી કરી રહ્યા છે. (અનિલ દુધરેજીયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કારોલ (જી. ચૂડા) પાટોત્સવ**

મૂળીધામ વાસી શ્રી રાધાકૃષ્ણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી કારોલ મંદિરનો પાટોત્સવ તા. ૧૯-૧૧-૨૦૨૩ ને કારતક સુદ-૭ ના ઉજવાયો. બહેનો દ્વારા સુંદર અન્નકૂટ બનાવી ધરાવ્યો હતો. હરિભક્તો દર્શન કરી ખૂબજ ધન્ય બન્યા હતા. (કોઠારી નરેન્દ્રભાઈ સોની)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધૂળકોટ (બહેનોનું) દશાબ્દી મહોત્સવ**

મૂળીશ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રી, ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીના રૂડા આશીર્વાદથી તથા અ.નિ. સાંખ્યયોગી પૂ. ગોદાવરીબા (કાલુપુર)ની દિવ્ય પ્રેરણાથી તથા અમદાવાદ મંદિરના પૂ. મહંત સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી તથા પૂ. સદ્. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી (મૂળી)ના સુંદર માર્ગદર્શનથી તેમજ સાં.યો. મંજુબા, ભારતીબા તેમજ શિષ્ય મંડળ (હવેલી કાલુપુર)ના આયોજનથી તા. ૧૬-૧૧-૨૩ થી તા. ૨૧-૧૧-૨૩ પર્યન્ત શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) ધૂળકોટના દશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં પૂ. સ.ગુ. શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી) અને પૂ. સ.ગુ. શા. સ્વામી સત્સંગસાગરદાસજી (મૂળી)ના વક્તાપદે શ્રીહરિ સ્મૃતિ પંચાન્હ પારાયણ ધામધૂમથી સંપન્ન થઈ હતી. તા. ૧૭-૧૧-૨૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાન પ.ભ. મધુબેન ભીખાભાઈ પટેલ (ડાંગરવા), પાટોત્સવના મુખ્ય યજમાન સાં.યો. મંજુબા, ભારતીબા શિષ્ય સાં.યો. મયુરીબા, નિશાબા અને દિવ્યાબા (હવેલી) પાટોત્સવના સહ યજમાન શ્રી નરનારાયણદેવ મહિલા મંડળે (અમદાવાદ) લાભ લીધો હતો. તા. ૧૯-૧૧-૨૩ ના રોજ પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તા. ૨૧-૧૧-૨૩ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. મૂળી, અમદાવાદ, જેતલપુર, સુરેન્દ્રનગર, ચરાડવા આદિ ધામોના મહંત સ્વામી અને સંતોએ પધારી સૌ ભક્તોને પોતાની અમૃતવાણીનો લાભ આપ્યો હતો. તેમજ ધામોધામથી સાંખ્યયોગી બહેનો પણ પધાર્યા હતા. (ધૂળકોટ સત્સંગ મંડળ)

---

**યોગીશ્વરના દિવ્ય ઐશ્વર્યો પુસ્તકમાં પ્રેસદોષનો સુધારો**

આપણા મંદિર દ્વારા પ્રકાશિત ''યોગીશ્વરના દિવ્ય ઐશ્વર્યો'' નામના પુસ્તકમાં પેજ નં. ૨૫૭ માં કાંકરિયા રામબાગ શ્રી સ્વામિનારાયણ મંદિર (પગલા મંદિર) શ્રી બાલસ્વરૂપ કષ્ટભંજનદેવની પ્રાણ પ્રતિષ્ઠા આપણા આદિ આચાર્ય પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ કરી હતી જે સમગ્ર સંપ્રદાયને વિદિત છે. પણ આ પુસ્તકમાં શરતચૂક પ્રેસ દોષના કારણે મૂ.અ.મૂ.સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ કરી તેવું છપાયું છે. જે શરત ચૂકથી થયું છે.

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**ભાદરવા સુદ-૧** અ.નિ. સ.ગુ. સ્વામી વાસુદેવચરણદાસજીની ત્રયોદશા નિમિત્તે (કાલુપુર મંદિર), પ.ભ. પ્રેમબાઈ બચુભાઈ કેરાઈ (નારાયણપર-કચ્છ). **ભાદરવા સુદ-૨** પ.ભ. મહાદેવભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. ગોપાલભાઈ રેવાભાઈ પટેલ (કુકરવાડા), પ.ભ. મધુબેન નટવરલાલ પટેલ (અમદાવાદ), પ.ભ. ચેતનાબેન દિનેશભાઈ પટેલ (તરાંગડી-ઉંઝા), પ.ભ. અમરતબેન દામોદરભાઈ (યશવંતપુરા), પ.ભ. વિવેક જયંતકુમાર વ્યાસ (ગોદરેજ ગાર્ડન સીટી), પ.ભ. પોપટભાઈ રામજીભાઈ ગોંડલીયા (અમદાવાદ), પ.ભ. ચૌધરી રીનાબેન રાજુભાઈ (બાલવા). **ભાદરવા સુદ-૩** પ.ભ.અ.નિ. વાલબાઈ રામજી વેકરીયા (દહીંસરા-કચ્છ). **ભાદરવા સુદ-૪** પ.ભ. શારદાબેન નારણભાઈ ગોહેલ (અમદાવાદ), પ.ભ. વાલજી લાલજી વેકરીયા (માંડવી-કચ્છ), પ.ભ. જયસુખભાઈ ટીબડીયા (અંકલેશ્વર), પ.ભ. પુરૂષોત્તમદાસ કે. પટેલ (જાનવડ), પ.ભ. પટેલ દિપકભાઈ કાશીભાઈ (લસુન્દ્રા). **ભાદરવા સુદ-૬** પ.ભ.અ.નિ. જયંતીભાઈ મોહનભાઈ પટેલ (બોપલ), પ.ભ. શારદાબેન બાલુભાઈ વેકરીયા (અમદાવાદ), પ.ભ. બિપીનભાઈ કરશનભાઈ (નિકોલ), પ.ભ.અ.નિ. શાંતાબેન નનુભાઈ ડોબરીયા (નિકોલ-અમદાવાદ). **ભાદરવા સુદ-૭** પ.ભ. જાદવા પરબત સાવલીયા (નારાયણપર-કચ્છ), પ.ભ. જીગરભાઈ જી. સાવલીયા (અમદાવાદ). **ભાદરવા સુદ-૮** પ.ભ.અ.નિ. મંજુલાબેન શાંતિલાલ પટેલ (બાપુનગર), પ.ભ. ભરતકુમાર બાલુલાલ પટેલ (નિકોલ), પ.ભ. ચૌધરી હર્ષિલ દિલીપભાઈ (પ્રતાપપુરા). **ભાદરવા સુદ-૯** પ.ભ.અ.નિ. રમેશભાઈ અંબાલાલ પટેલ (ધમાસણા). **ભાદરવા સુદ-૧૦/૧૧** પ.ભ.અ.નિ. મંજુલાબેન શાંતિલાલ દેસાઈ, પ.ભ. વાઘેલા જીતેન્દ્રસિંહ ગંભીરસિંહ (ગોધાવી), પ.ભ.અ.નિ. મેઘજીભાઈ મૂળજીભાઈ ગોંડલીયા (કોડકી-કચ્છ), પ.ભ. મહેન્દ્રભાઈ બેચરભાઈ પટેલ (ઝુંડાલ) **ભાદરવા સુદ-૧૧** પ.ભ. નારણ દેવજી ભૂડીયા (કોડકી-કચ્છ), પ.ભ.અ.નિ. એસ. એન. શેલત સાહેબ (અમદાવાદ). **ભાદરવા સુદ-૧૨/૧૩** પ.ભ.અ.નિ. ધનલક્ષ્મીબેન એમ. ભાવસાર (અમદાવાદ), પ.ભ. રમેશભાઈ લક્ષ્મણભાઈ ઠુમર (સુરત), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારણપર-કચ્છ), શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર, પ.ભ.અ.નિ. બાલુબેન કાનજીભાઈ (જયદેવપુરા), પ.ભ. ઝાલા તરૂણસિંહ અશોકસિંહ (ગોધાવી), પ.ભ.અ.નિ. ધનબાઈ ભીમજી કેરાઈ (રામપરવેકરા-કચ્છ), પ.ભ. ઋત્વીજ આર. પટેલ (અમદાવાદ), શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ (કાલુપુર મંદિર), પ.ભ. રવજી વાલજી રાબડીયા (સરલી-કચ્છ). **ભાદરવા સુદ-૧૪** પ.ભ.અ.નિ. માનબાઈ રમેશ વરસાણી (ભુજ-કચ્છ) **ભાદરવા સુદ-૧૫** પ.ભ. મધુભાઈ ગોરધનભાઈ લાઠીયા (બાપુનગર), પ.ભ. નિલેશભાઈ ધનજીભાઈ કાકડીયા (નિકોલ), પ.ભ.અ.નિ. રવિકાંત મસ્કી (અમદાવાદ), સત્સંગી મહિલા મંડળ (ધમાસણા), પ.ભ. મયંક કામદાર (પોરબંદર), પ.ભ. વાઘજીભાઈ વિરજીભાઈ વેકરીયા (નારાયણપર-કચ્છ).

**ભાદરવા વદ-૧** પ.ભ. ચૌધરી બળદેવભાઈ જોઈતારામ (ઈશ્વરપુરા-બદપુરા), પ.ભ.અ.નિ. હેમરાજભાઈ એન. પરમાર (અમદાવાદ), પ.ભ.અ.નિ. રણછોડભાઈ ગંગદાસભાઈ ચોટલીયા (અમદાવાદ), પ.ભ. પટેલ આહાન (ચાંદખેડા), પ.ભ. મુકેશકુમાર કાંતિલાલ (અમદાવાદ). **ભાદરવા વદ-૨** પ.ભ. અરવિંદભાઈ રામાભાઈ ચૌધરી (બાલવા), પ.ભ. વ્રજ પરાગભાઈ મહેતા (અમદાવાદ), પ.ભ.અ.નિ. સોમદાસ મોતીદાસ પટેલ (ડાંગરવા), પ.ભ. પ્રફુલભાઈ પરસોતમભાઈ પટેલ (બાકરોલ), પ.ભ. લીલાબેન પ્રહલાદભાઈ પટેલ (કરજીસણ), પ.ભ. શર્મિષ્ઠાબેન ભાવસાર (અમદાવાદ), પ.ભ. દિનેશભાઈ ભોળાભાઈ રાદડીયા (નિકોલ), પ.ભ. ચૌધરી જેસંગભાઈ ગેમરજીભાઈ (બાલવા), પ.ભ.અ.નિ. દિપકભાઈ રતીલાલ કંસારા (જેતલપુર), પ.ભ.અ.નિ. મોહનલાલ ત્રિભોવનદાસ પટેલ (ટ્રેન્ટ), પ.ભ. પટેલ હરગોવિંદદાસ ચતુરદાસ (રાજપુરવાળા), પ.ભ. કિરણકુમાર મણીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. હરિ પ્રજ્ઞેશકુમાર પટેલ (ડાંગરવા), પ.ભ. રાણા નગીનદાસ કાંતિભાઈ, પ.ભ. મુકેશકુમાર કાંતિલાલ રાધનપુરા (અમદાવાદ). **ભાદરવા વદ-૩/૪** પ.ભ.અ.નિ. ચંદ્રિકાબેન નટવરભાઈ ભાવસાર (ગાંધીનગર), પ.ભ.અ.નિ. સૂર્યપ્રસાદ મંગલપ્રસાદ પાંડે (અમદાવાદ), પ.ભ. નિલેશભાઈ રમેશભાઈ પટેલ (ઉનાવા), પ.ભ.અ.નિ. જીવતીબેન નારણભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. મુકેશભાઈ અંબાલાલ (ગવાડા), અ.નિ. સ.ગુ. સ્વા. જીષ્ણુચરણદાસજીના નિમિત્તે (મૂળી-ચરાડવા), પ.ભ.અ.નિ. હિંમતભાઈ કેશવભાઈ સુદાણી (અમદાવાદ), પ.ભ.અ.નિ. સુનિલભાઈ મોહનભાઈ પરમાર (અમદાવાદ), પ.ભ.અ.નિ. સિલ્કીબેન બિન્દેશભાઈ પટેલ (ગાંધીનગર). **ભાદરવા વદ-૫** પ.ભ.અ.નિ. રાધાબેન મૂરજી જેસાણી (દહીંસરા-કચ્છ), પ.ભ.અ.નિ. મનુભાઈ ચિંમનલાલ પરમાર, પ.ભ.અ.નિ. રસિલાબેન મનસુખભાઈ પીપળીયા (નિકોલ), પ.ભ. પટેલ તારાબેન માણેકલાલ (ડાંગરવા), પ.ભ. જીવતીબેન રામજીભાઈ વાઘેલા (પૂના). **ભાદરવા વદ-૬** પ.ભ. કરશન કાનજી સિયાણી (સામત્રા-કચ્છ), પ.ભ. પટેલ પ્રવિણકુમાર ત્રિભોવનદાસ (અમદાવાદ). **ભાદરવા વદ-૭** પ.ભ.અ.નિ. રળીયાતબેન વાઘજીભાઈ કોઠીયા (અમદાવાદ), પ.ભ. પટેલ બળદેવભાઈ લાલદાસ (ઝુલાસણ), પ.ભ. રમેશભાઈ ભીમજી રાબડીયા પરિવાર (ભારાસર-કચ્છ), પ.ભ. આરજુબેન કિરીટભાઈ પટેલ (ઝુંડાલ). **ભાદરવા વદ-૮** પ.ભ.અ.નિ. મહેન્દ્રભાઈ ગંગારામભાઈ જોશી (અમદાવાદ), પ.ભ. રાજેશભાઈ જેરામભાઈ માગોરીયા (અમદાવાદ), પ.ભ.અ.નિ. ઈન્દુમતીબેન રમણલાલ શાહ (અમદાવાદ), પ.ભ.અ.નિ. હિરજી વાલજી જીયાણી (નારણપર-કચ્છ). **ભાદરવા વદ-૯** પ.ભ.અ.નિ. પ્રવિણભાઈ જાદવજીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. રમેશભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (સલારકા), પ.ભ. મંજુલાબેન જીતેશ વકેરીયા (ભુજ-કચ્છ), પ.ભ.અ.નિ. બાબુલાલ અંબાલાલ ભાવસાર (મોટપ), પ.ભ. જીગરભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. મેહુલભાઈ શાંતિભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. રામજીભાઈ ધનજીભાઈ, પ.ભ. પટેલ મેહુલ જયંતીભાઈ (જવારજ), પ.ભ.અ.નિ. સાકરબેન ભગવાનદાસ (ઝૂંડાલવાળા-ગાંધીનગર), પ.ભ. હર્ષદભાઈ ગિલેટવાળા (અમદાવાદ), પ.ભ. દર્શન ધર્મેશભાઈ (અમદાવાદ), પ.ભ.અ.નિ. કાળીદાસ અમથીદાસ પટેલ (મોતીપુરા), પ.ભ. ભૂપેન્દ્રભાઈ જીવણભાઈ પ્રજાપતી (આંતરસુબા), પ.ભ. હરિશભાઈ પંડ્યા (અમદાવાદ), પ.ભ. પૃથ્વી મંદા સુરેશ પંચાલ (અમદાવાદ), પ.ભ. પટેલ નટવરભાઈ રેવાભાઈ (મોડાસા), પ.ભ. હરિદર્શન લાલભાઈ પટેલ (અમદાવાદ),

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

પ.ભ. લલીતાબેન અરજણભાઈ ચૌહાણ (અમદાવાદ), પ.ભ. સુરેશભાઈ નાથાલાલ પટેલ (કલોલ). **ભાદરવા વદ-૧૦** મહિલા મંડળ હવેલી (અમદાવાદ), પ.ભ.અ.નિ. નટવરભાઈ દેવચંદભાઈ સોની (અમદાવાદ), પ.ભ. જાનકીબેન પટેલ (ગુલાબપુરા). **ભાદરવા વદ-૧૧** પ.ભ.અ.નિ. લક્ષ્મણભાઈ ભીમજીભાઈ રાઘવાણી (બળદીયા-કચ્છ). **ભાદરવા વદ-૧૨** પ.ભ.અ.નિ. ભીખાભાઈ ભાવસાર (સરસપુર), પ.ભ.અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ઓળા), પ.ભ.અ.નિ. ભીમજીભાઈ મેઘજીભાઈ ડોબરીયા (બાપુનગર), પ.ભ. પ્રકાશભાઈ નાનાલાલ જોબનપુત્રા (ગાંધીનગર), પ.ભ.અ.નિ. લક્ષ્મણભાઈ ભીમજીભાઈ રાઘવાણી (બળદીયા-કચ્છ), પ.ભ.અ.નિ. વાલજી લક્ષ્મણ રાઘવાણી (બળદીયા-કચ્છ), પ.ભ. ધનજી લક્ષ્મણભાઈ રાઘવાણી (બળદીયા-કચ્છ), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ). **ભાદરવા વદ-૧૩** પ.ભ.અ.નિ. અમથાભાઈ કેવળભાઈ પટેલ (ગવાડા), પ.ભ.અ.નિ. ભગવાનદાસ શિવદાસ પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. મંજુલાબેન ત્રિભોવનદાસ પટેલ (આણંદ). **ભાદરવા વદ-૧૪** પ.ભ. નરેન્દ્રભાઈ પ્રાણજીવન પારેખ (અમદાવાદ), પ.ભ. પ્રફુલભાઈ નાગજીભાઈ દેવાણી (અમદાવાદ), પ.ભ.અ.નિ. જયંતીભાઈ ભૂલાભાઈ પટેલ (રાયચંદનગર), પ.ભ. ચેતનકુમાર શાંતિલાલ વેગડ (સુરત), પ.ભ.અ.નિ. કિરણભાઈ બાબુભાઈ બ્રહ્મભટ્ટ (મુંબઈ). **ભાદરવા વદ-૩૦** પ.ભ. કુંદનબા નાગદાન સોની, પ.ભ.અ.નિ. પુરૂફઈબા, પ.ભ.અ.નિ. વનમાળીદાસ ગિરધરદાસ ભાવસાર (ગાંધીનગર), પ.ભ. દિવ્યાબેન ઉજ્જવલકુમાર ઠક્કર (અમદાવાદ), પ.ભ.અ.નિ. શિવાભાઈ જોઈતનદાસ પટેલ (વડુ), પ.ભ. ઉષાબેન મુકેશકુમાર પટેલ (અમદાવાદ).

**આસો સુદ-૧** પ.ભ. લક્ષ્મીબેન ચંદુલાલ ભાવાણી (ઈન્દૌર), પ.ભ. વિનોદભાઈ રવજીભાઈ હાલાઈ (કોડકી-કચ્છ), પ.ભ.અ.નિ. ડાહીબેન કાંતિલાલ પટેલ (લવારપુર), પ.ભ. નિરવભાઈ પટેલ (મોખાસણ), પ.ભ. ડૉ. ગોરધનભાઈ નારણદાસ (અમદાવાદ), પ.ભ. હરજીભાઈ નાનજીભાઈ હાલાઈ (ભુજ-કચ્છ), પ.ભ. પટેલ વર્ષાબેન ભરતભાઈ (અમદાવાદ), પ.ભ. હિતેષભાઈ રમણભાઈ પટેલ (ઝુંડાલ), પ.ભ.અ.નિ. ગોબરભાઈ જેરામભાઈ (અમદાવાદ). **આસો સુદ-૨** પ.ભ.અ.નિ. કિશનભાઈ તથા અ.નિ. રૂપલબેન (રામપરવેકરા-કચ્છ). **આસો સુદ-૩** પ.ભ. બાબુલાલ મણીલાલ શાહ (અમદાવાદ) **આસો સુદ-૪** અ.નિ.બ્ર.સ્વા. રામચંદ્રાનંદજી ગુરુ બ્ર. મુનિ સ્વામી (સ્વા. મંદિર કાલુપુર), પ.ભ. પુરૂષોત્તમભાઈ ચતુરભાઈ પટેલ (અંબાપુર), પ.ભ. નિલેશભાઈ મગનભાઈ પટેલ (વેડાગોવિંદપુરા), પ.ભ. મણીભાઈ અંબાલાલ પટેલ (ગવાડા), પ.ભ. નારણ હિરજી ગોરસીયા (સુખપર-કચ્છ). **આસો સુદ-૫** પ.ભ. કેસરબાઈ પ્રેમજી વેકરીયા (કુંદનપુર-કચ્છ), પ.ભ.અ.નિ. રતનબેન રામજી અસાણી (વેકરા-કચ્છ), પ.ભ. માવજીભાઈ જી. વેકરીયા (બળદીયા-કચ્છ), પ.ભ. જય વિજયભાઈ પટેલ (ગાંધીનગર). **આસો સુદ-૬** અ.નિ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી (ગાંધીનગર). **આસો સુદ-૭** શ્રી કષ્ટભંજનદેવ (સાળંગપુર), પ.ભ. પટેલ હિતાર્થ હસમુખભાઈ પટેલ (કલોલ), પ.ભ.અ.નિ. લાભુબેન પરસોતમભાઈ. **આસો સુદ-૮** પ.ભ. પટેલ ધવલ ભરતભાઈ (ગોહિલ), પ.ભ.અ.નિ. સામબાઈ વિશ્રામ ભૂડીયા (દહીસરા-કચ્છ). **આસો સુદ-૯** પ.ભ. પટેલ મહેશકુમાર ભુદરભાઈ (મોટપ). **આસો સુદ-૧૦** પ.ભ. રયાણી પ્રેક્ષા કેવિનકુમાર (અમદાવાદ), પ.ભ. પ્રેમજીભાઈ રાવજીભાઈ ચોટલીયા (ધૂળકોટ), પ.ભ. ગીરીરાજસિંહ ચૂડાસમા (અમદાવાદ), પ.ભ. પરસોતમભાઈ ઘનશ્યામભાઈ ચાવડા (સુરેન્દ્રનગર). **આસો સુદ-૧૨** પ.ભ.અ.નિ. રતનબાઈ શીવજી દેવસી ભૂવા (સુખપર-કચ્છ), પ.ભ.અ.નિ. ઘનશ્યામભાઈ કેશવલાલ પટેલ (અસલાલી), પ.ભ.અ.નિ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ. ચૌધરી પ્રિન્સ જયંતિભાઈ ઈશ્વરભાઈ (ઈશ્વરપુરા), પ.ભ.અ.નિ. ચંદ્રિકાબેન ભાવસાર (સરસપુર). **આસો સુદ-૧૩/૧૪** પ.ભ. વિયાન ઉમેશભાઈ રામાણી (અમદાવાદ). **આસો સુદ-૧૫** પ.ભ. અંકિત અલ્કેશભાઈ ભાવસાર, પ.ભ.અ.નિ. જસવંતલાલ પ્રભુદાસ પટેલ (મેતપુર), પ.ભ. ક્રિશીવ વિકાસકુમાર પટેલ (વિહાર).

**આસો વદ-૧** પ.ભ. પટેલ ધ્રુવિત રાજેશભાઈ ઈશ્વરભાઈ (સાપાવાડા), પ.ભ. શ્યામભાઈ કરશનભાઈ રાઘવાણી (બળદીયા-કચ્છ). **આસો વદ-૨** પ.ભ.અ.નિ. ઠક્કર ભાઈલાલભાઈ અંબાલાલ (અમદાવાદ). **આસો વદ-૩** પ.ભ. ભદ્રેશભાઈ પટેલ પરિવાર (નાંદોલ), પ.ભ. જીત રમેશ પૂજારા (અમદાવાદ), પ.ભ. પટેલ પ્રવિણભાઈ જસભાઈ (સીજીવાડા). **આસો વદ-૪** પ.ભ. ચૌધરી સંદિપભાઈ મોહનભાઈ (બદપુરા). **આસો વદ-૬** પ.ભ.અ.નિ. દેવસી નારણ કેરાઈ (સુખપર-મદનપુર-કચ્છ). **આસો વદ-૭** પ.ભ.અ.નિ. મનજીભાઈ દુદાભાઈ રાદડીયા (પીયાવા), પ.ભ.અ.નિ. પાર્વતીબેન મનજીભાઈ રાદડીયા, ઈમ્પેટ ગીફ્ટ પ.ભ. દિનેશભાઈ (ગાંધીનગર), પ.ભ. પટેલ જીતુભાઈ ભીખાભાઈ (અમદાવાદ). **આસો વદ-૮** પ.ભ. પટેલ વિકાસકુમાર લક્ષ્મણભાઈ (ઉંઝા), પ.ભ. કૃણાલ મહેન્દ્રભાઈ પટેલ (મોટેરા), પ.ભ. અશ્વિન પટેલ - સંદિપભાઈ કંસારા (અમદાવાદ), પ.ભ. લાલબાઈ લક્ષ્મણ વાલજી વેકરીયા (કેરા-કચ્છ). **આસો વદ-૯** પટેલ શિવાંગીબેન હિતેષકુમાર (અમદાવાદ). **આસો વદ-૧૦** પ.ભ. ચિરાયુ પ્રવિણભાઈ દેવાણી (અમદાવાદ), પ.ભ. પ્રેમીલાબેન વાઘજીભાઈ (દહીંસરા-કચ્છ). **આસો વદ-૧૨** પ.ભ. કવિષા અલ્પેશ પટેલ (સાબરમતી), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારણપર-કચ્છ), શ્રીહરિ - હિરેન પટેલ (ઉનાવા), પ.ભ.અ.નિ. આશિષ બી. ભાવસાર (સરસપુર), પ.ભ. નિલ પ્રવિણભાઈ નસિત (અમદાવાદ), પ.ભ. શિખા અલ્પેશ પિંડોરીયા (અમદાવાદ), વર્ણી ઓવરસીઝ (કલોલ). **આસો વદ-૧૩** પ.ભ. પટેલ પ્રહલાદભાઈ ખોડીદાસ (ધુમાસણા). **આસો વદ-૧૪** પ.ભ. હિતેષભાઈ શાંતિલાલ (અમદાવાદ). **આસો વદ-૩૦** પ.ભ.અ.નિ. વિજયભાઈ રાજાભાઈ ઝવેરી (અમદાવાદ)

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and Printed at **Asian Printery**, Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
**Editor :** Shastri Swami Purushottamprakashdasji





અમદાવાદ મંદિરનાં પ્રસાદીના ચોકમાં શરદપૂનમના ચિક્કાર મેદનીને દર્શન આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી





રંગ મહોલ શ્રી ઘનશ્યામ મહારાજના ૧૩૮મા પાટોત્સવ પ્રસંગે અભિષેક કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી અને તે પ્રસંગે પ.પૂ.ગાદીવાળાશ્રીની આજ્ઞાથી બહેનોએ પણ દર્શનનો લાભ લીધો હતો.



અમદાવાદ મંદિર દિવાળીના દિવસોમાં લાઈટ ડેકોરેશનથી દીપી ઉઠયું હતું

**Registered under RNI is - GUJ GUJ/2007/20221 " Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. 003 / 2021 - 2023 Valid up to 31-12-2023 issued by the SSPO's License to post without Prepayment No. PMG/NG/028/2021/2023 Valid up to 31-12-2023**



પ.પૂ.આચાર્ય મહારાજશ્રીનો
૫૧મો પ્રાકટ્યોત્સવ





અમદાવાદ મંદિરમાં દિવાળી અન્નકૂટની આરતી ઉતારતા શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપ



અમદાવાદ મંદિરમાં દીપોત્સવ